dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year - 08 | Issue- 105 | AD - 2025, Paush Vad- 05 | Saturday, Dt.18-01-2025 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00




# ભાજપના ચૂંટણી ઢંઢેરામાં દિલ્હીના લોકો માટે અનેક વચનો

નવીદિલ્હી,તા.૧૭

ભારતીય જનતા પાર્ટી (ભાજપ) એ આજે શુક્રવારે દિલ્હી વિધાનસભા ચૂંટણી માટે પોતાના ચૂંટણી ઢંઢેરાના પહેલા ભાગને જાહેર કર્યો. ચૂંટણી ઢંઢેરાના પહેલા ભાગમાં ભાજપે ફક્ત મહિલાઓ પર ધ્યાન કેન્દ્રિત કર્યું છે. ભાજપે વચન આપ્યું છે કે જો તે દિલ્હીમાં સરકાર બનાવશે તો મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવામાં આવશે. આ યોજનાનું નામ મહિલા સમૃદ્ધિ યોજના હશે અને સરકાર બન્યા પછી, તેને પ્રથમ કેબિનેટમાં પસાર કરવામાં આવશે. આમ આદમી પાર્ટી અને કોંગ્રેસની જેમ, ભાજપે પણ દર મહિને મહિલાઓને આર્થિક મદદ આપવાની જાહેરાત કરી છે. ભાજપે મહિલાઓને દર મહિને ૨૫૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું છે. જ્યારે દરેક ગર્ભવતી મહિલાને ૨૧,૦૦૦ રૂપિયા



આપવામાં આવશે. જેપી નડ્ડાએ કહ્યું કે ગરીબોને એલપીજી સિલિન્ડર પર ૫૦૦ રૂપિયાની સબસિડી આપવામાં આવશે, જ્યારે હોળી અને દિવાળી પર એક સિલિન્ડર મફત આપવામાં આવશે. આયુષ્માન ભારત અંગે જેપી નડ્ડાએ કહ્યું કે જો દિલ્હીમાં ભાજપની સરકાર બનશે તો પહેલા મંત્રીમંડળમાં આયુષ્માન ભારત લાગુ કરવામાં આવશે. તેમણે કહ્યું કે દિલ્હી સરકાર વતી, દરેક દિલ્હીવાસી ને ૫ લાખ રૂપિયા (૫+૫ = ૧૦ લાખ રૂપિયા) નું વધારાનું કવર આપવામાં આવશે. આ ઉપરાંત, વરિષ્ઠ નાગરિકો (૭૦ ) ને કેન્દ્ર અને દિલ્હી તરફથી મળીને ૫ લાખ રૂપિયા એટલે કે ૧૦ લાખ રૂપિયાની વધારાની સહાય (વય વંદન યોજના) પણ મળશે. આપ સરકારના મોહલ્લા ક્લિનિક પર પ્રહાર કરતા નડ્ડાએ કહ્યું, "તેમનું મોહલ્લા ક્લિનિક ભ્રષ્ટાચારનો અડ્ડો બની ગયું છે. અમે મોહલ્લા ક્લિનિક્સમાં ભ્રષ્ટાચારની તપાસ કરીશું, અમે દવા પુરવઠામાં ભ્રષ્ટાચારની પણ તપાસ કરીશું અને તેમાં સામેલ લોકોને જેલમાં મોકલવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું કે વરિષ્ઠ નાગરિકોનું પેન્શન ૨૦૦૦ રૂપિયાથી વધારીને ૨૫૦૦ રૂપિયા કરવામાં આવશે. જ્યારે વિધવા મહિલાઓનું પેન્શન પણ વધારીને ૩૦૦૦ રૂપિયા કરવામાં આવશે. ભાજપે ગરીબોનું પણ ધ્યાન રાખ્યું અને તેમના માટે અટલ કેન્ટીન યોજના શરૂ કરવાની વાત કરી. નડ્ડાએ જણાવ્યું હતું કે દિલ્હીની ઝૂંપડપટ્ટીઓમાં ૫ રૂપિયામાં સંપૂર્ણ ભોજન પૂરું પાડવા માટે અટલ કેન્ટીન યોજના શરૂ કરવામાં આવશે.
























# લુણીધાર-રેલવે સ્ટેશન માર્ગ બિસ્માર હાલતમાં

અમરેલી, તા.૧૭

અમરેલી જિલ્લાના લુણીધાર ગામથી રેલવે સ્ટેશન સુધીનો ચાર કિલોમીટરનો માર્ગ છેલ્લા એક દાયકાથી બિસ્માર હાલતમાં છે. આ માર્ગ પર પડેલા એક-એક ફૂટના ઊંડા ખાડાઓને કારણે સ્થાનિક ખેડૂતો અને નાગરિકોની હાલાકી વધી ગઈ છે. લુણીધાર અને આસપાસના ૨૦ જેટલા ગામના હજારો ખેડૂતો ગોંડલ યાર્ડમાં પોતાની ખેત પેદાશો વેચવા માટે આ માર્ગનો ઉપયોગ કરે છે. જોકે, માર્ગની બિસ્માર હાલતને કારણે તેઓ પોતાની જણસ યાર્ડમાં લઈ જઈ શકતા નથી, જેના કારણે આર્થિક નુકસાન વેઠવું પડી રહ્યું છે. ચાર મહિના પહેલા મોટા આંકડિયાથી લુણીધાર ગામ સુધીના માર્ગની માત્ર મરામત કરવામાં આવી હતી, પરંતુ ગામથી રેલવે સ્ટેશન સુધીનો માર્ગ જેમનો તેમ જર્જરિત હાલતમાં છોડી દેવાયો છે. આ માર્ગ પરથી દ્વિચક્રી વાહન ચાલકો પસાર થાય ત્યારે



અકસ્માતની ઘટનાઓ પણ બની ચૂકી છે. સરકારે કરોડો રૂપિયાના ખર્ચે લુણીધાર રેલવે સ્ટેશનનો વિકાસ કર્યો છે, પરંતુ માર્ગની ખરાબ સ્થિતિને કારણે લોકો રેલવે સ્ટેશનનો ઉપયોગ કરી શકતા નથી. સ્થાનિકોની માંગ છે કે જો આ માર્ગનું નિર્માણ થાય તો રાજકોટ અને ગોંડલ તરફનો વાહન વ્યવહાર સરળ બની શકે

**દાયકાથી જર્જરિત માર્ગથી ૨૦ ગામના હજારો ખેડૂતો પરેશાન, ગોંડલ યાર્ડમાં જણસ વેચવા જવામાં મુશ્કેલી**

તેમ છે. પહેલા દિવસ દરમિયાન હજારો લોકોની અવરજવર ધરાવતો આ માર્ગ હાલ સાવ ભેકાર જેવી સ્થિતિમાં મુકાઈ ગયો છે. તંત્રની બેદરકારીના કારણે એક સમયે ધમધમતો આ વિસ્તાર હવે સૂમસામ બની ગયો છે.

# મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજની વિદ્યાર્થિનીઓ દ્વારા NSS કેમ્પ યોજાયો

અમરેલી,તા.૧૭

અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના NSS વિભાગના સંયુક્ત ઉપક્રમે માલવિયા પીપરીયા ગામ ખાતે સાત દિવસીય આવાસીય શિબિરનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થિનીઓએ ગ્રામ સફાઈ, પ્રભાતફેરી, વૃક્ષારોપણ, પર્યાવરણ ઝુંબેશ, ભીત સૂત્રો લેખન અને પ્રાથમિક શાળામાં રમત-ગમત સ્પર્ધાઓનું આયોજન કર્યું હતું. શિબિર દરમિયાન શાંતાબા મેડિકલ કોલેજ અને સિવિલ




હોસ્પિટલના કોમ્યુનિટી મેડિસિન વિભાગ દ્વારા આરોગ્ય ચિકિત્સા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગ્રામજનો અને શિબિરાર્થી બહેનોનું જનરલ ચેકઅપ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત નેત્ર ચિકિત્સા કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.

# દિવ્યધામ વડિયાના સંતો દ્વારા સુરતમાં શાકોત્સવ ઉજવવામાં આવ્યો

કુંકાવાવ, તા.૧૭

શ્રી સ્વામિનારાયણ દિવ્યધામ અને પ. પુ. સદગુરૂ માનદસ્વામી, શ્રી રામકૃષ્ણ દાસજી સંત મંડળની સાથે જોડાયેલા વડિયા અને આજુબાજુના પ્રદેશના હરીભક્તો દ્વારા સુરતમાં શાકોત્સવનું આયોજન કરાયું હતું. આ તકે વડિયા સ્વામિનારાયણ મંદિરના શાસ્ત્રીસ્વામી શ્રી આનંદસ્વરૂપ



દાસજીએ વ્યાસપીઠ પરથી હરીભક્તોને સાહસ અને શુરવીરતા સાથે આધ્યાત્મિક જીવન જીવવાનું માર્ગદર્શન આપ્યું હતું. આ ઉત્સવમાં ૩૨૦૦ જેટલા હરીભક્તોએ સંતોના દર્શન, પ્રસાદ અને આશીર્વચન નો લાભ લીધો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવામાં ચેતનભાઈ કાછડીયા, દુર્લભભાઈ ભુવા, મુકેશભાઈ શેઠ, રમેશભાઈ હિરપરા, ભીખુભાઈ માનસરા, રમેશભાઈ સોજીત્રા વગેરેએ તન, મન અને ધનથી સહકાર આપી આ પ્રસંગ ને દિપાવ્યો હતો તેમ શાસ્ત્રી સ્વામી પ્રેમસ્વરૂપદાસજીએ જણાવ્યું હતું.

# પશુધન વ્યવસ્થાપન, શ્વેતક્રાંતિના સર્જન માટે ગ્રામીણ વિકાસ ક્ષેત્રની સંસ્થા દ્વારા સમજૂતી કરાર

અમરેલી, તા.૧૭

પશુપાલન અને દૂધ ઉત્પાદન કાર્યને વધુ કાર્યદક્ષ બનાવવા માટે નેશનલ કો-ઓપરેટીવ યુનિયન ઓફ ઈન્ડિયા, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ, કે.પી.એમ.જી., ડી.સી.એક્સ. અને કાઉન્સિલ ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (કાર્ડ) દ્વારા એન.સી.યુ.આઈ. પશુધન વ્યવસ્થાપન શાખાના સહયોગ તળે



શ્વેતક્રાંતિના દ્રીતીય ચરણમાં ઈન્ડિયા લાઈવસ્ટોક એકસચેન્જ પ્લેટફોર્મ માટે સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા. આ તકે એન.સી.યુ. આઈ-ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી, સી.ઈ.ઓ. ડો.સુધીર મહાજન, અશ્વિનભાઈ સાવલીયા, ડો.આર.એસ.પટેલ અને તૃપ્તિ ખન્ના સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.ભારત દુધ ઉત્પાદન ક્ષેત્રે અગ્રેસર છે તેવા સમયે પશુધન વ્યવસ્થાપન અને શ્વેત ક્રાંતિને વધુ અસરકારક અને જીલ્લા-રાજયના વિકાસમાં અગ્રેસર બનાવવા સહકારી ક્ષેત્ર સતત પ્રયત્નશીલ છે તેમાં અમરેલી જીલ્લો પશુપાલન-દૂધ ઉત્પાદનમા શ્રેષ્ઠ કામગીરી બજાવી રહેલ છે.

# ભુરખીયા હનુમાનજી દાદાના મંદિરે ૮૨મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો

અમરેલી, તા.૧૭

લાયન્સ ક્લબ ઓફ અમરેલી ( સિટી), ભુરખીયા મંદિર ટ્રસ્ટ અને સુદર્શન નેત્રાલય અમરેલીના સંયુક્ત ઉપક્રમે તા.૧૫-૦૧-૨૫ના રોજ ભુરખીયા હનુમાનજી દાદાના મંદિરે ૮૨મો નેત્ર નિદાન કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં ૧૨૯ દર્દીઓની આંખની તપાસ કરવામાં આવેલ, જે પૈકી ૩૫



દર્દીઓને મોતિયોનાં ઓપરેશન માટે અમરેલી લઈ જવામાં આવેલ. જ્યારે ૨ દર્દીઓને વેલ માટે લઈ જવામાં આવેલ છે. ૨૪ દર્દીઓને રાહત ભાવે નંબરના ચશ્માં આપવામાં આવેલ હતા.

# ચાડીયા ગામે કૌશિક વેકરીયાના હસ્તે તળાવ ઉંડુ કરવાના કામનો પ્રારંભ

અમરેલી, તા.૧૭

જળ જીવનનું અમૃત છે, તે જીવનનું સવિશેષ આવશ્યક તત્વ છે ને ચરિતાર્થ કરવા અમરેલી વિધાનસભાના



ધારાસભ્ય અને નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાના હસ્તે ચાડીયા ગામ ખાતે તળાવ ઊંડા કરાવવાનો શુભારંભ કરવામાં આવ્યો હતો.આ તકે અધિકારીઓ પદાધિકારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉત્તરાયણના દિવસ તોરી-રામપુરમાં પૂ. આપાગીગાની શોભાયાત્રા નીકળી

તોરી.તા.૧૭

વડિયા-મોટી કુકાવાવ તાલુકાના તોરી-રામપુર ગામના ટીંબા પર ૧૭૭૭ની સાલમાં શ્રીશ્રી ૧૦૮ સંત આપાગીગાનો જન્મ થયો હતો. તે સ્થળે ગામના ચતુરભાઈ બોરડ પૂજા-આરતી અને રામરોટીની કામગીરી કરે છે. ઉત્તરાયણના દિવસે ગામમાં આપાગીગાની




તસવીર : વિનુભાઈ કોટડીયા

શોભાયાત્રા નીકળી હતી. આ કાર્યમાં ગ્રામજનોએ સહકાર આપેલ હતો. અહીં અતિથિઓ, સંતો અને નિરાધાર લોકોને રામરોટીનો પ્રસાદ આપવામાં આવે છે.

**દિલીપ સંઘાણીની અધ્યક્ષતામાં યોજાયેલ કાર્યક્રમમાં યુવા શક્તિને સહકારી પ્રવૃત્તિ સાથે જોડવાનો નિર્ધાર**

# વિદ્યાર્થીઓમાં સહકારી ભાવના જાગૃત કરવા NCUI અને ટાંટીયા યુનિવર્સિટી વચ્ચે MOU

અમરેલી, તા.૧૭

વર્તમાન સમયમાં યુવા પેઢીને સહકારી પ્રવૃત્તિઓ સાથે જોડવાની આવશ્યકતાને ધ્યાનમાં રાખીને એક મહત્વપૂર્ણ પગલું લેવામાં આવ્યું છે. વિદ્યાર્થીઓમાં સહકારિતાની ભાવના જાગૃત કરવા અને આ ક્ષેત્રમાં યુવા શક્તિને સામેલ કરવાના ઉદ્દેશ્ય સાથે એન.સી.યુ.આઈ. (NCUI) અને રાજસ્થાન સ્થિત ટાંટીયા યુનિવર્સિટી વચ્ચે દિલીપ સંઘાણીની અધ્યક્ષતામાં એક મહત્વપૂર્ણ સમજૂતી કરાર (MOU) પર હસ્તાક્ષર કરવામાં આવ્યા. આ સમજૂતી કરાર અંતર્ગત વિદ્યાર્થીઓમાં સહકારી પ્રવૃત્તિઓ પ્રત્યે જાગૃતિ લાવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે.



સાથે જ સ્થાનિક સહકારી સંસ્થાઓના પ્રતિનિધિઓની ક્ષમતા વિકાસ અને સ્વસહાય જૂથોના વિકાસમાં પણ આ સમજૂતી કરાર મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.કાર્યક્રમમાં ટાંટીયા ગ્રુપના ઉપાધ્યક્ષ ડૉ. મોહિત ટાંટીયા, યુનિવર્સિટીના જનરલ મેનેજર વિકાસ સચદેવા તેમજ એન.સી.યુ.આઈ.ના સી.ઈ. ડૉ. સુધીર મહાજન સહિત એન.સી.યુ.આઈ.ના અન્ય અધિકારીગણ ઉપસ્થિત રહ્યા હતા.

# ઈશ્વરીયા પ્રાથમિક શાળામાં ધોરણ ૭ના વિદ્યાર્થીઓને ટેબ્લેટ વિતરણ

ઈશ્વરીયા,તા.૧૭

પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભાના સાંસદ રૂપાલાની પ્રમુખ ઉપસ્થિતિમાં દીપશાળા પ્રોજેક્ટ અંતર્ગત પીએમ "મદદ" ઈશ્વરીયા પ્રાથમિક શાળામાં એક મહત્વપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. અમેરિકન ઈંડિયા ફાઉન્ડેશન (AIF) દ્વારા ધોરણ ૭ના તમામ વિદ્યાર્થીઓને



ટેબ્લેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. શિક્ષણ સમિતિના ચેરમેન ધોરાજીયા, અમરેલી નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી સોલંકી સહિત ગ્રામજનો અને વાલીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંઘાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંઘાણી
98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ– બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શયુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

### આડેધડ પાર્કિંગ અને રોડ રસ્તાના કામ શરૂ હોવાને કારણે વારંવાર ટ્રાફિક જામની સમસ્યા

# અમરેલી શહેરમાં ટ્રાફિકની સમસ્યાઓથી રાહદારીઓ પરેશાન



અમરેલી,તા.૧૭

અમરેલી શહેરમાં દિન પ્રતિદિન ટ્રાફિકની સમસ્યાઓ વકરતી જાય છે જેના કારણે રાહદારીઓને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. શહેરના હાર્દ સમા વિસ્તાર સ્ટેશન રોડ પર આડેધડ પાર્કિંગ અને રોડ રસ્તાના કામ શરૂ હોવાને કારણે વારંવાર ટ્રાફિક જામની સમસ્યા સર્જાય છે.ખાસ કરીને માણેકપરામાં આવેલ એચડીએફસી બેન્ક વાળા રસ્તા પર તો ગમે ત્યાં પાર્કિંગ હોવાને કારણે વાહનચાલકો અને રાહદારીઓ મુશ્કેલી પડે છે. દિવસ દરમિયાન ટ્રાફિક વિભાગ દ્વારા આ રસ્તા પર ટ્રાફિક નિયમન અને યોગ્ય પાર્કિંગ કરવામાં આવે તેવી રાહદારીઓમાંથી માંગ ઉઠી છે.

## અમરેલીમાં ટ્રાફિકને અડચણરૂપ વાહન ઉભા રાખનારા સામે કાર્યવાહી

અમરેલીમાં વાહનોની સંખ્યા વધવાની સાથે ટ્રાફિકની સમસ્યા પણ વિકરાળ બની રહી છે. ટ્રાફિકની સમસ્યા હલ કરવા પોલીસ સતત કામગીરી કરી રહી છે તેમ છતાં અનેક લોકો સુધરવાનું નામ નથી લઈ રહ્યા. અમરેલી, નાના બસ સ્ટેન્ડ નકંળગ ટી સ્ટોલ સામેથી ટ્રાફિકને અડચણરૂપ વાહન ઉભું રાખનારો ઈકો ચાલક ઝડપાયો હતો.

# સાવરકુંડલામાં પાણીના ટાંકામાં પડેલા રેઢિયાળ ખૂટીયાને બહાર કઢાયો



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલાના જેસર રોડ પર પાણીના ટાંકામાં રેઢિયાળ ખૂટીયો પડતા નગરપાલિકાની રેસ્ક્યુ ટીમ દ્વારા તેને બહાર કાઢવામાં આવ્યો હતો. કથાકાર ગિરીબાપુના બંગલા પાછળ પાણીના એક અવાવરું ટાંકામાં રેઢિયાળ ખૂટીયો પડી ગયેલ હોવાની જાણ ગૌસેવક વિમલભાઈ કુંડલીયાને થતા તેમણે તેમના મિત્ર પિયુષભાઈ મશરૂ અને નગરપાલિકા પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદીને જાણ કરી હતી. આથી મેહુલભાઈ ત્રિવેદીએ નગરપાલિકાની રેસ્ક્યુ ટીમને ત્યાં મોકલેલ અને ખૂટિયાનો સલામત રીતે બહાર કાઢ્યો હતો. આ તકે હાજર જયરાજભાઈ ખુમાણ, અજીતભાઈ ખુમાણ, પ્રદીપભાઈ ખુમાણ, નિર્મલભાઈ ખુમાણ અને ગોવિંદભાઈ નાકરાણી સહિતના રહેવાસીઓએ નગરપાલિકાની ટીમનો આભાર માન્યો હતો.

# લીલીયા મોટા પી.એમ. કન્યાશાળામાં ધોરણ ૭ની વિદ્યાર્થીનીઓને ટેબલેટનું વિતરણ



લીલીયા,તા.૧૭

લીલીયા મોટા પી.એમ. કન્યાશાળા ખાતે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન રમીલાબેન ભીખાભાઈ ધોરાજીયાના અધ્યક્ષસ્થાને ધોરણ સાતની વિદ્યાર્થીનીઓને સતત ત્રીજા વર્ષે ટેબલેટ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. પી.એમ. શાળાઓની વિદ્યાર્થીનીઓને એ.આઈ.એફ. દ્વારા આશરે રૂપિયા ૧૫ લાખના ખર્ચે ૬૦ ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં એ.આઈ.એફ. શાળાના જિલ્લા પ્રોજેક્ટ મેનેજર હાર્દિકભાઈ સોનછાત્રા, પ્રોજેક્ટ ડાયરેક્ટર શંકર શર્મા, ડે.ડી.પી.ઈ.ઓ. જી.એમ. સોલંકી, બી.આર.સી. કો-ઓર્ડિનેટર અભિષેકભાઈ ઠાકર, આચાર્ય અલકાબેન દવે, કાનજીભાઈ નાકરાણી, ભનુભાઈ ડાભી, ઘનશ્યામભાઈ મેઘાણી, હિતેશ પરમાર અને ડાયાભાઈ માલવિયા સહિતના શિક્ષકગણ, વાલીગણ તેમજ વિદ્યાર્થીનીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આશાબેન જોશી તેમજ રાજુભાઈ પાનસુરીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

# મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં 'ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ & કરિયર' સેમિનાર યોજાયો



અમરેલી, તા.૧૭

અમરેલીમાં જિલ્લા વિદ્યાસભા સંચાલિત માતુશ્રી મોંઘીબા મહિલા આર્ટસ કોલેજમાં ૧૦/૦૧/૨૦૨૫ના રોજ જિલ્લા રોજગાર કચેરી-અમરેલી અને 'ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ & કેરિયર સેન્ટર-રાજકોટના સહયોગથી 'ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ & કરિયર સેમિનાર યોજાયો હતો. આ સેમીનારમાં જિલ્લા રોજગાર કચેરીના કૌશિકભાઈ વાઘેલા, ઓવરસીઝ એમ્પ્લોયમેન્ટ & કેરિયર સેન્ટર-રાજકોટના હાર્દિકભાઈ મહેતા, ઈન્ચાર્જ પ્રિન્સિ. ડૉ..બી.આર.ચુડાસમા, કરિયર કોર્નર કો ઓર્ડીનેટર ડો. ગિરિશભાઈ વેલિયત, સમગ્ર સ્ટાફ અને વિદ્યાર્થિનીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વિદ્યાર્થિનીઓને વિદેશમા ચાલતા વિવિધ અભ્યાસક્રમો વિશે, તેમા પ્રવેશ મેળવવા અંગે, પાસપોર્ટ અંગે, વિઝા કેવી રીતે મેળવવા, સ્ટુડન્ટ લોન મેળવવા અંગે માર્ગદર્શન આપ્યું હતું. કૌશિકભાઈ વાઘેલાએ કારકિર્દીલક્ષી માર્ગદર્શન આપ્યું હતું.

# બાબરાના તાપડિયા આશ્રમમાં જગતગુરૂ રામાનંદાચાર્યજીની જન્મજયંતીની ઉજવણી કરાશે

બાબરા, તા.૧૭

બાબરાના તાપડિયા આશ્રમ ખાતે આગામી તા. ૨૧ જાન્યુઆરી, ૨૦૨૫ને મંગળવારે જગતગુરૂ શ્રી રામાનંદાચાર્યજી મહારાજની ૭૨૫મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. મહામંડલેશ્વર ૧૦૦૮ ઘનશ્યામદાસબાપુ ગુરૂ દયારામબાપુના અધ્યક્ષસ્થાને યોજાનાર આ કાર્યક્રમમાં અનેક સંતો-મહંતો ઉપસ્થિત રહેશે. છેલ્લા પાંચ વર્ષથી ઘનશ્યામદાસબાપુ દ્વારા આશ્રમમાં યોજાતા આ કાર્યક્રમમાં અમરાપરા-બાબરાના રામાનંદી સાધુ સમાજ, દશનામ સાધુ સમાજ અને વૈષ્ણવ માર્ગીય સાધુ સમાજને પરિવાર સાથે આમંત્રણ અપાયું છે. ધર્મસભામાં મણીરામબાપા (હડાળા), સીતારામબાપુ (લીંબડિયા), રામમનોહરદાસબાપુ (ગરિયા), ગોપાલદાસબાપુ (હિરાણા) અને અવધબિહારીદાસ બાપુ (નાનીકુંડળ) સહિતના સંતો આશીર્વચન પાઠવશે. કાર્યક્રમમાં સવારે ૮થી ૧૦ દરમિયાન ગુરૂ મહારાજનું પૂજન-અર્ચન કરાશે. બપોરે ૪ વાગ્યે સંતોના સામૈયા નીકળશે. સાંજે ૫ વાગ્યે ધર્મસભા અને ૬ વાગ્યે ભોજન પ્રસાદનું આયોજન કરાયું છે. તાલુકા મંડળના પ્રમુખ પ્રતાપભાઈ દેવમુરારી, બાબરા-અમરાપરા યુવાપાંખ પ્રમુખ જનકભાઈ અગ્રાવત, જિલ્લા ટ્રસ્ટી ડૉ. રૂગનાથભાઈ કુબાવત સહિત દશનામ સાધુ સમાજ અને વૈષ્ણવ માર્ગીય સાધુ સમાજના અગ્રણીઓને બપોરે ૩:૩૦ વાગ્યે પરિવાર સાથે પધારવા આમંત્રણ અપાયું છે.

## અવસાન નોંધ

**ગારીયાધાર**

ગં.સ્વ. જસુમતિબેન રસિકલાલ (કાળુભાઈ) સેજપાલ (ઉ.વ.૬૫) નું તા.૧૦/૦૧/૨૦૨૫ને રવિવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તે હિરેનભાઈ (શ્રીજી રેડિમેટ) તથા સંધ્યાબેન વિહારકુમાર તથા બ્રિજલબેન ધર્મેશકુમારના માતૃશ્રી થાય છે.


## પ.ગુ.વિ.કું.લિ., વર્તુળ કચેરી, અમરેલી

PGVCL **ટેન્ડર નોટીસ નં.૧૮/એમકો-03/૨૦૨૫** PGVCL

અમરેલી વર્તુળ કચેરી હેઠળ આવતી વિભાગીય કચેરીઓના જુદાજુદા કામો/માલ સામાન માટે સીલબંધ કવરમાં રજી. એ.ડી. થી ભાવો મંગાવવામાં આવે છે. વધુ વિગત પી.જી.વી.સી.એલ ની વેબસાઈટ WWW.PGVCL.COM અને http://pgvcl.nprocure.com ઉપરથી મળી શકશે.

ઉપરોકત કચેરી હેઠળના વીજગ્રાહકો માટે ભાવનગર ખાતે કાર્યરત ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રમાં રજુઆત કરી શકે છે.

**ગ્રાહક સુવિધા કેન્દ્રનો ટોલ ફ્રી નંબર = ૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ & ૧૯૧૨૨**

**અધિક્ષક ઈજનેર (સં.અને નિ.)**



## મામલતદાર અને તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ કચેરી, બગસરા

જન્મ-મરણ રજી નં.૦૧/૨૫ — તા.૧૬/૦૧/૨૦૨૫

**અરજદાર:-** ૧) શ્રી ગોવિંદભાઈ મુળજીભાઈ ચૌહાણ
રહે.હુલરીયા ,તા.બગસરા, જિ.અમરેલી
૨) વિવાદીશ્રીનાં વકીલ શ્રી મુકેશકુમાર એન.વઘાસીયા મું.તા.બગસરા

- //વિરૂધ્ધ//-

**સામાવાળા:-** જન્મ-મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી,
વ
તલાટી-કમ-મંત્રીશ્રી હુલરીયા,
ગ્રામ પંચાયત કચેરી હુલરીયા તા.બગસરા, જિ.અમરેલી

**-// જાહેર નોટીસ //-**
(જન્મ/મરણના દાખલા માટે)

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાનાં બગસરા તાલુકાનાં હુલરીયા ગામના રહીશ આ કામના અરજદારશ્રી ગોવિંદભાઈ મુળજીભાઈ ચૌહાણના પુત્રીશ્રી કલ્પનાબેન ગોવિંદભાઈ ચૌહાણનો જન્મ/~~મરણ~~ તા.૦૧/૦૬/૧૯૮૪ ના રોજ મુ.હુલરીયા તા.બગસરા જી.અમરેલી મુકામે થયેલ હોય, જે તે સમયે તેમના જન્મ/~~મરણ~~ની નોંધ કરાવેલ ન હોય, જન્મ/~~મરણ~~ની નોંધ કરાવવાની રહી ગયેલ હોય,જેથી જન્મ/~~મરણ~~ની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમા તા.૧૬/૧૨/૨૦૨૪ ના રોજ અરજી કરેલ છે. આથી આ કામના સામાવાળા દ્વારા જન્મ/~~મરણ~~ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૨૯/૦૧/૨૦૨૫ ના રોજ બપોરના ૧૨:૦૦ કલાકે વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**બગસરા**



અમરેલી જીલ્લાનું સૌથી મોટુ અને સૌ પ્રથમ ફેમીલી સલૂન એટલે.

• હેરકટ • ટેટ્ટુઝ • કેરાટીન • શાઈનર • હાઈલાઈટસ • નેલ આર્ટ • સ્મુથનીંગ • ફેસીયલ વીથ હાઈડ્રા • બોટોક્ષ • બ્રાઈડલ મેકઅપ • નેનો પ્લાસ્ટી • હેર એકસટેન્શન • હેર રીપ્લેસમેન્ટ

Raj Unisex Saloon Since:1996

**રાજ ફેમિલી સલૂન**

ટ્રેનેડ બાય : જાવેદ હબીબ

એપોઈન્ટમેન્ટ નં. 02792-224551/વોટસએપ : 90333 91778

ગીરીરાજ નગર, ઓમનગર મેઈન રોડ, ચિતલ રોડ, અમરેલી.



**વી. કે. મોટર્સ**

VK MOTORS Giving you joy of Best Ride... MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI

CAR SERVICE <> SPARE <> INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com



શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ

24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલક્સ રૂમ રૂા.૧૧૯૯

**હોટેલ હોલીડે**
M.8238744144

HOLIDAY HOTEL

સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ,અમરેલી



**નિત્યા સ્કીન કિલનીક**
સ્કીન । હેર । કોસ્મેટોલોજી । લેસર

ઉપલબ્ધ સારવાર
• ચામડીના રોગો દાદર, ખસ, ખરજવું, હઠીલા રોગોની સારવાર
• વાળ તથા નખને લગતા રોગોની સારવાર
• એલર્જી તથા ગુપ્ત રોગોની સારવાર
• અણગમતા વાળ માટે Diode Laser Hair Reduction ની સારવાર
• Tattoo Remove તથા Pigmentation માટે Active Q Switch Laser ની સારવાર
• Hydra Facial, Carbon Facial, Oxygeneo Facial
• Botox, Filler, Thread Lift
• Hair Transplantation

**ડો. જુહી ઠક્કર** M.D. (Skin & VD)
ફેલોશીપ ઈન લેસર્સ એન્ડ કોસ્મેટીક્સ
ચામડી, નખ, વાળ, ગુપ્ત રોગો તથા કોસ્મેટીકનાં નિષ્ણાંત

કેસ નોંધાવવા માટે : Mo. 93135 71971

**રુદ્રમ ઓર્થોપેડીક હોસ્પિટલ**

ઉપલબ્ધ સારવાર
• જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જરી Hip (થાપા), Knee (ઢીચણ), Shoulder (ખભો), Elbow (કોણી)
• દૂરબીન વડે સાંધાના ઓપરેશનની સારવાર (Arthroscopy) • સાંધા બચાવવાનું ઓપરેશન (HTO)
• ગંભીર ફેકચર તથા એકસીડેન્ટ કેસની સારવાર • કમરના મણકાની ઈજા તથા ખસી ગયેલ ગાદીની સારવાર
• રશિયન પધ્ધતિથી સારવાર (Ilizarov) • અમરેલી જિલ્લાનું સૌપ્રથમ DR સિસ્ટમવાળુ ડીજીટલ એક્સ-રે-મશીન
• બે કલાસ 100 મોડ્યુલર ઓપરેશન થીયેટર

**ડો. પ્રતિક પ્રજાપતિ** M.S. Ortho DNB Ortho FIAS
કન્સલ્ટન્ટ જોઈન્ટ રિપ્લેસમેન્ટ એન્ડ ઓર્થોસ્કોપી સર્જન

કેસ નોંધાવવા માટે : Mo. 99250 76561

પરમ હાઈટ્સ, બીજે માળે, ICICI Bank ની બાજુમાં, મોટા બસ સ્ટેન્ડ પાસે, અમરેલી । O.P.D. સમય : સવારે 9:00 થી 1:00, સાંજે 5:00 થી 8:00 (સોમ થી શનિ), રવિવારે સવારે 10:00 થી 1:00

અમરેલી અને કુંકાવાવ તાલુકાના ૧૧ ગામોના ૨૮ જેટલા સ્ટ્રકચરના કામોને મળી મંજૂરી

# કૌશિક વેકરિયાની રજૂઆતથી અમરેલી વિધાનસભા વિસ્તારમાં ૧૩ કરોડ ૫૫ લાખના રસ્તાના કામ મંજૂર

અમરેલી, તા.૧૭

અમરેલી વિધાનસભાના અમરેલી અને કુંકાવાવ તાલુકાના વિવિધ ગામોના રસ્તાના અલગ અલગ કામો જેવા કે, સ્લેબ ડ્રેઈન, પાઈપ કન્વર્ટ અને કોઝવેના વિવિધ કામો મંજૂર કરાવવા માટે ધારાસભ્ય કૌશિક વેકરિયાએ મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી. જેને મુખ્યમંત્રી દ્વારા સ્વીકાર થતાં કુલ રૂપિયા ૧૩ કરોડ ૫૫ લાખ જેવી માતબર રકમના ૨૮ જેટલાં સ્ટ્રકચરના કામોને મંજૂરી મળી છે. આ કામોમાં અમરેલી તાલુકાના ચાડિયા-લાપાળિયા રોડના લાપાળિયા, શંભુપુરા, કેરિયાચાડ, સાજિયાવદરને લાભકર્તા સ્લેબ ડ્રેઈન અને પાઈપ કલ્વર્ટના કામો માટે ૩ કરોડ ૫૦ લાખ, જાળિયા-કેરાળા-હડાળા



રોડના જાળિયા, કેરાળા હડાળા અને ખારી ખીજડિયા જેવા ગામોને લાભકર્તા પાઈપ કન્વર્ટ અને સ્લેબ ડ્રેઈનના રૂપિયા ૬ કરોડ ૫૫ લાખના કામો તથા કુંકાવાવ તાલુકાના વાવડી ચોકી - લખાપાદર -ઈશ્વરિયા રોડના વાવડીરોડ , સનાળા, લખાપાદર, ઈશ્વરિયા અને ભાયાવદર જેવા ગામોને લાભકર્તા કોઝવેના કામ માટે રૂપિયા ૨ કરોડ ૮૦ લાખના કામને તથા અનીડા - ખજૂરી -મેઘા પીપળીયા રોડના સ્લેબ ડ્રેઈનના રૂપિયા ૭૦ લાખના કામને મંજૂરી મળેલ છે. આમ અમરેલી અને કુંકાવાવ તાલુકાના કુલ ૧૧ ગામોના ૨૮ જેટલા કામો માટે રૂપિયા ૧૩ કરોડ ૫૫ લાખ જેવી માતબર રકમ મંજૂર થતા આગામી દિવસોમાં આ કામોનો આરંભ થશે.

# રાજુલામાં પ્રેમમાં પાગલ યુવકે યુવતીને ધોલ ધપાટ કરી ધમકી આપી

**ફોટા વાઇરલ કરવાની ધમકી આપી, ગાળો દીધી**

રાજુલા, તા.૧૭

રાજુલામાં પ્રેમમાં પાગલ યુવકે યુવતીની સગાઈ તોડાવી નાંખી તેને ધમકી આપી હતી. બનાવ સંદર્ભે યુવતીએ રાજપરડા ગામના જયદિપભાઈ પ્રવીણભાઈ લાડુમોર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેને આરોપી સાથે પ્રેમ સંબધ હતો અને ફોનમાં ચોરી છુપીથી વાતચીત કરતા હતા. આરોપી તેમની સાથે લગ્ન કરવા માંગતો હતો. પરંતુ તેની માતા તથા ભાઈઓ રાજી નહોતા અને આરોપી પરાણે તેમની સાથે વાતચીત કરવાનું દબાણ કરતા હતા. જેથી તેની સાથે ફોનમા વાત કરી ફોટા વાઈરલ કરવાની ધમકી આપી, ગાળો દઈ તેમને તથા સાહેદોને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. તેમજ રાજુલા ખાતે તેમના ઘર આગળ આંટા ફેરા મારી, પીછો કરી તેમજ તેઓ ઘરેથી ગામમાં જાય ત્યારે પીછો કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપીને જે જગ્યાએ સગાઈ થવાની હોય તેનુ ધ્યાન રાખી સગાઈ તોડાવી નાખી સમાજમાં તેનીબદનામી કરી આબરૂ લેવાના ઈરાદે ગુન્હાહીત બળ વાપરી હેરાન પરેશાન કરી બે ત્રણ ધોલ-થપાટ મારી મૂઢ ઈજા કરી હતી. ઉપરાંત તેમને તથા તેના માતા, ભાઈને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી.

## રાજુલામાં ગાંધી ફ્રી લાયબ્રેરીના ૧૦૦ વર્ષ પૂર્ણ થતાં શતાબ્દી મહોત્સવ ઉજવાશે

રાજુલા, તા.૧૭

**૧૯ જાન્યુઆરીએ સવારે ૧૦.૩૦ કલાકે નિવૃતિ સદનના હોલમાં કાર્યક્રમ યોજાશે**

રાજુલામાં ગાંધી ચેરીટી લાયબ્રેરી ટ્રસ્ટ સંચાલિત શ્રી કમળાબેન ર. ગાંધી ફ્રી લાયબ્રેરીના ૧૦૦ વર્ષ ૧૫/૧/૨૫ના રોજ પુરા થતા તેના શતાબ્દી મહોત્સવ ઉજવણીના ભાગરુપે ૧૯ જાન્યુઆરીએ સવારે ૧૦.૩૦ કલાકે શહેરના નિવૃતિ સદનના હોલમાં કાર્યક્રમ યોજાશે. આ કાર્યક્રમના અધ્યક્ષ જગદીશભાઈ સી ગાંધી, ટ્રસ્ટી અને અતિથિ વિશેષ તરીકે અનંતરાય મહેતા ઉપસ્થિત રહેશે. કાર્યક્રમના મુખ્ય મહેમાનોમાં ધારાસભ્ય હિરાભાઈ સોલંકી, માજી. ધારાસભ્ય અંબરીષભાઈ ડેર, જાણીતા કવિ શશિભાઈ રાજ્યગુરુ, જે.પી. ડેર સહિત નગરજનો ઉપસ્થિત રહેશે.

# બાબરા નગરપાલિકામાં વહીવટી અનિયમિતતાનો મુદ્દો ચર્ચામાં

બાબરા,તા.૧૬

બાબરા નગરપાલિકાના વર્તમાન વહીવટમાં અનેક અનિયમિતતા થઈ રહી હોવાની વ્યાપક ફરિયાદો ઊઠી છે. સોશિયલ મીડિયા પર રોજેરોજ લોકો પોતાનો અસંતોષ વ્યક્ત કરી રહ્યા છે, પરંતુ સત્તાધીશો તરફથી કોઈ પ્રતિસાદ મળતો નથી. છેલ્લા અઢી વર્ષના શાસનકાળમાં નગરપાલિકાની તિજોરી ખાલી થઈ ગઈ હોવાની વિગતો સામે આવી છે. વિકાસ કામોમાં પણ ભેદભાવ જોવા મળી રહ્યો છે. સારા રસ્તાઓને તોડીને નવા રસ્તા બનાવવામાં આવે છે અને નીકળેલું મટીરિયલ કેટલાક લોકોની વાડી-ખેતરોમાં જતું હોવાની ચર્ચાઓ છે. શહેરની મૂળભૂત સમસ્યાઓ તરફ દુર્લક્ષ સેવાઈ રહ્યું છે. નાકા-ગલીઓમાં સફાઈની સમસ્યા, રસ્તાઓની ખરાબ સ્થિતિ અને સ્ટ્રીટલાઈટના પ્રશ્નો અંગે લોકોની રજૂઆતો સતત થઈ રહી છે, પરંતુ તેના નિરાકરણ માટે કોઈ ઠોસ પગલાં લેવાતા નથી. નગરપાલિકા હજારો રૂપિયાના દેવામાં ડૂબેલી છે. અગાઉના શાસનમાં થયેલી કામગીરીની લોકો પ્રશંસા કરે છે, જ્યારે વર્તમાન વહીવટમાં અનિયમિતતાની યાદી લાંબી થતી જાય છે. સ્થાનિક આગેવાનો પણ આ બાબતે મૌન સેવી રહ્યા છે, જે ચિંતાજનક બાબત છે. લોકોનું કહેવું છે કે જાહેર નાણાંનો દુરુપયોગ કરનારા ક્યારેય સુખી થતા નથી. નગરપાલિકાના વહીવટમાં પારદર્શિતા અને જવાબદારીની માંગ ઊઠી રહી છે, પરંતુ સત્તાધીશો તરફથી કોઈ સકારાત્મક પ્રતિસાદ મળતો નથી.

## દામનગર મિત્ર મંડળનો મુંબઈમાં તૃતીય સ્નેહમિલન સમારોહ યોજાયો

**વિવિધ ક્ષેત્રમાં નામના મેળવનાર લોકોનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું**

દામનગર, તા.૧૭

દામનગરમાંથી મુંબઈ જેવા મહાનગરોમાં સ્થાયી થયેલા અનેક વતન પ્રેમીઓનું સોશ્યલ મીડિયા ગ્રુપ એટલે 'દામનગર મિત્ર મંડળ'. આ મિત્ર મંડળનું મુંબઈમાં બોરીવલી ખાતે શ્રી સ્વામીનારાયણ મંદિરના હોલમાં ૫ જાન્યુઆરીએ તૃતીય સ્નેહ મિલન યોજાયું હતું. આ તકે પૂજ્ય પુર્વીબાઈ મહાસતીજી આશીર્વચન માટે પધાર્યા હતા. શ્રેષ્ટિ મુકેશભાઈ અજમેરાની અધ્યક્ષતા યોજાયેલ સ્નેહમિલનમાં અનેક લોકો ઉપસ્થિત રહ્યા હતા. અહીં વિવિધ ક્ષેત્રમાં નામના મેળવનાર અનેક લોકોનું વિશિષ્ટ સન્માન કરવામાં આવ્યું હતું.

# સાવરકુંડલા નિઃશુલ્ક આરોગ્ય મંદિર હોસ્પિટલના વિવિધ વિભાગ અને નર્સિંગ કોલેજનું મોરારીબાપુના હસ્તે ભૂમિપૂજન

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલા નિઃશુલ્ક આરોગ્ય મંદિર હોસ્પિટલમાં કાડિયોલોજી, પીડીયાટ્રીક, ન્યુરોલોજી અને નર્સિંગ કોલેજના નૂતન બિલ્ડીંગનું મોરારીબાપુના હસ્તે ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું. કાડિયોલોજી વિભાગની બિલ્ડીંગના દાતા વિમલયાત્રા પરિવાર,વિર્લે પાર્લે દોશી



તસવીર : સૌરભ દોશી

પરિવાર, પીડીયાટ્રીક વિભાગ બિલ્ડીંગના દાતા એન.એસ.પી. કન્ટ્રકશન સંઘવી પરિવાર વિર્લે પાર્લે, ન્યુરોલોજી વિભાગના બિલ્ડીંગના દાતા સીયારામ સિલ્ક મિલ્સ મુંબઈ અને નર્સિંગ કોલેજના બિલ્ડીંગના દાતા પન્ના નાયક અને નટવર ગાંધી-અમેરિકા હતા.

સાવરકુંડલાના લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરે વિનામૂલ્યે તબીબી સારવાર પૂરી પાડવાના ૧૦ ગૌરવશાળી વર્ષો પૂરાં કર્યા છે.

પૂજ્ય બાપુના હસ્તે ૫૫,૦૦૦ ચો. ફૂટમાં બંધાવા જઈ રહેલા નવા વિશ્વાસ બિલ્ડિંગના ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

## રાંદલ માતાજી મંદિરના બ્રહ્મલીન મહંતની છઠ્ઠી પુણ્યતિથિએ આગેવાનો દ્વારા શ્રદ્ધાંજલિ

બાબરા, તા.૧૭



કુંકાવાવ તાલુકાના દડવા ગામે આવેલ વિશ્વ વિખ્યાત રાંદલ માતાજી મંદિરના બ્રહ્મલીન મહંત બળવંતપ્રગટ બાપુની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે યોજાયેલ ધાર્મિક કાર્યક્રમમાં રાજ્યના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા તેમજ અન્ન પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળિયાએ દડવાની દાતાર તરીકે પ્રસિદ્ધ રાંદલ માતાજીના ચરણોમાં શીશ ઝુકાવી આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારબાદ બ્રહ્મલીન મહંત બળવંતપ્રગટ બાપુને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. આ તકે મહંત પરિવારે વિસ્તારના વિવિધ પ્રશ્નો અને વિકાસ માટે રાજ્ય સરકારનું ધ્યાન દોરવા અનુરોધ પણ કર્યો હતો.

## ખાંભામાં જાદુગરનો શો જોવા આવેલા ખડાધારના યુવકનું બાઈક ચોરાયું

ખાંભા, તા.૧૭

ખાંભામાં જાદુગરનો શો જોવા આવેલા ખડાધાર ગામના યુવકનું બાઈક ચોરાયું હતું. બનાવ અંગે ખડાધાર ગામે રહેતા વલકુભાઈ નારણભાઈ ચૌહાણ (ઉ.વ.૪૨)એ અજાણ્યા ચોર ઈસમ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ ૧૪/૦૧/૨૫ ના રોજ ખાંભા શુક્રવારી બજારમાં રાત્રીના નવેક વાગ્યે પોતાનું બાઈક પાર્ક કરી જાદુગરનો શો જોવા ગયા હતા. શો જોઈ પરત રાત્રીના બાર વાગ્યે આવતા બાઈક મળી નહોતી. પોલીસ ચોપડે બાઈકની કિંમત ૧૫૦૦૦ જાહેર થઈ હતી. જેને લઈ અજાણ્યા ચોર ઈસમ સામે ફરિયાદ નોંધાઈ હતી. ખાંભા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી એમ વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિ: પાંચમ
તા. ૧૮-૦૧-૨૦૨૫, શનિવાર, સૂર્યોદય-૦૭:૧૪,
સૂર્યાસ્ત-૦૫:૪૮, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: પૂર્વ ફાલ્ગુની

## દૈનિક રાશિફળ

તા.૧૮-૦૧-૨૦૨૫ શનિવાર

મેષ: આજે તમારી આસપાસ કોઈ સુખદ વાતાવરણ રહેશે. કેટલાક મોટા વ્યવહારોની સમસ્યા જે ઘણા દિવસોથી ચાલી રહી છે તે ઉકેલાઈ શકે છે.

વૃષભ: આજનો દિવસ પુત્ર, પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં વિતાવશો. વિવાહિત જીવનમાં ઘણા દિવસોથી ચાલી રહેલી સમસ્યા સમાપ્ત થઈ જશે.

મિથુન: તમારે કડવાશને મીઠાશમાં રૂપાંતરિત કરવાની કળા શીખવી પડશે. તમને તમારા જીવનસાથી તરફથી સહયોગ મળશે.

કર્ક: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ સાથે નિકટતા અને જોડાણનો લાભ પણ તમને મળશે.

સિંહ: આજનો દિવસ સંતોષપૂર્ણ અને શાંતિપૂર્ણ બની રહી શકે છે. સરકાર અને સત્તા વચ્ચેના જોડાણનો લાભ તમને મળી શકે છે.

કન્યા: આજે તમારો દિવસ મિશ્રિત રહેશે, પરંતુ સ્વાસ્થ્ય નરમ રહેશે. કોઈ પ્રતિકૂળ સમાચાર સાંભળીને તમારે અચાનક પ્રવાસ પર જવું પડી શકે છે.

તુલા: આજે કોઈ કિંમતી વસ્તુની ચોરીનો ભય રહેશે. બાળકોના શિક્ષણમાં અથવા કોઈપણ સ્પર્ધામાં સફળતાના સમાચારોને લીધે મનમાં આનંદ થશે.

વૃશ્ચિક: આજે સ્વાસ્થ્યનું વધુ ધ્યાન રાખવું પડશે. વાયુ વિકારની ફરિયાદો હોઈ શકે છે. બ્લડ પ્રેશરના દર્દીઓના રોગમાં વધારો થઈ શકે છે.

ધન: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. આજીવિકાના ક્ષેત્રે ચાલી રહેલા નવા પ્રયત્નો ફળદાયી બનશે.

મકર: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. સંતાનની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારી રહેશે.

કુંભ: આજે તમને ભાગ્યનો સહયોગ મળશે. રોજગાર-વ્યવસાયના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં કલ્પનાત્મક સફળતા પ્રાપ્ત થશે.

મીન: આજની સ્થિતિમાં મન વિચલિત રહી શકે છે. આવકના નવા સ્રોત સર્જાશે પરંતુ માનસિક મૂંઝવણને કારણે તમે લાભથી વંચિત રહી શકો છો.

# સાવરકુંડલાની કોલેજ લાયબ્રેરીનું નવીનીકરણ: અમેરિકા નિવાસી NRIના હસ્તે ઉદ્ઘાટન

**નવીનીકરણ પામેલી લાયબ્રેરી વિદ્યાર્થીઓ માટે જ્ઞાનનું નવું કેન્દ્ર બનશે**

સાવરકુંડલા,તા.૧૭

સાવરકુંડલાની નૂતન કેળવણી મંડળ સંચાલિત વી.ડી.કાણકીયા આર્ટસ અને એમ.આર.સંઘવી કોમર્સ કોલેજમાં લીલાવંતીબેન ત્રિભોવનદાસ મહેતા લાયબ્રેરીના



નવીનીકરણનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. સાવરકુંડલાના મૂળ વતની અને અમેરિકામાં ચીફ ફાઈનાન્સ ઓફિસર તરીકે સેવા આપી ચૂકેલા નટવરભાઈ ગાંધીના હસ્તે લાયબ્રેરીનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન ઘેલાણી/કામદાર, ઉપપ્રમુખ કનુભાઈ ગેડીયા, મેનેજિંગ ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા અને ટ્રસ્ટી વિનુભાઈ રાવળની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.

## ખાંભા ટાઉનમાંથી દારૂની બોટલો ઝડપાઈ

ખાંભા, તા.૧૭

ખાંભા ટાઉનમાંથી પોલીસે દારૂની બોટલો ઝડપી પાડી હતી. સંજયભાઈ જીતુભાઈ સોલંકી (ઉ.વ.૨૮) તથા ભાવેશ બાંભણીયા પાસેથી ઈંગ્લીશ દારૂની સાત બોટલો મળી આવી હતી. પોલીસે મોબાઈલ, દારૂની બોટલો સહિત કુલ ૧૫,૬૨૩ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. કાતરપરા ગામેથી દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ હતી. પોલીસે દેશી દારૂ, આથો, ભઠ્ઠીના સાધનો સહિત રૂ. ૧૧,૯૭૦નો પ્રોહીબીશન મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ભાડા અને તાલડા ગામેથી એક-એક પીધેલા પકડાયા હતા. જાબાળ ગામનો યુવક નશાયુક્ત હાલતમાં વાહન ચલાવતા મળી આવ્યો હતો.

# સાવરકુંડલાના લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર દ્વારા એક દાયકાની સેવાની ઉજવણી

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલાના વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે આરોગ્ય સેવાના સફળ એક દાયકાની ઉજવણી અને પર્વ ચતુર્દશીનું આયોજન કરવામાં આવ્યું હતું. મોરારી બાપુની ઉપસ્થિતિમાં બે દિવસીય 'પર્વ ચતુર્દશી'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં નાટ્યપર્વ, સેવાભૂમિ પૂજનપર્વ અને સાહિત્ય-શિક્ષણ સન્માન પર્વનો સમાવેશ થતો હતો. સંપૂર્ણ નિ:શુલ્ક સેવાઓ આપતી આ હોસ્પિટલે એક દાયકો પૂર્ણ કર્યા નિમિત્તે,




૧૬ જાન્યુઆરીના રોજ સાંજે ૫:૦૦ વાગ્યે પૂજ્ય મોરારી બાપુના હસ્તે વિશેષ એવોર્ડ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

મંગલ ઉદ્બોધન આપતા મોરારી બાપુએ દરિદ્ર નારાયણ, દર્દી નારાયણ, દુર્ગ નારાયણ અને દીર્ઘ નારાયણ ચાર પ્રકારના નારાયણની વાત કરી હતી.

## સાવરકુંડલા ખાતે ધનાબાપુના આશ્રમમાં ભોજન ભજનનો અનોખો મહાયજ્ઞ

સાવરકુંડલા, તા.૧૭

સાવરકુંડલા ખાતે આવેલા સંત શ્રી ધનાબાપુના આશ્રમમાં દર પૂર્ણિમાના રોજ ભોજન ભજનનો અનોખો મહાયજ્ઞ યોજાય છે. આમ તો અહીં કોઈ પણ નાત જાતના ભેદભાવ રાખ્યા વગર બારેમાસ ભોજન પ્રસાદ શરૂ હોય છે. અને અહીં આવતાં તમામને ખૂબ જ હેત પ્રિતથી આ આશ્રમના મહંત રામજીબાપુ પોતે સ્વયં જમાડે છે.

## -//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-

અપીલ રજી નં.૧૫૫/૨૦૨૪

**અરજદાર** :- શ્રી સવિતાબેન રામભાઈ વામજા
રહે. શેડુભાર, તા. જિ.અમરેલી એ-૨, ૧૦૩, શુભમ રેસિડેન્સી, યોગી ચોક, સાવલીયા સર્કલ પાસે, સુરત, તા.જિ.સુરત..

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ. વરસડા, તા.જિ.અમરેલી

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વરસડા ગામમાં સિવતાબેન રામભાઈ વામજા તેઓના ભાઈ હસમુખભાઈ રામભાઈ વામજાની જન્મ તા.૦૧/૦૬/૧૯૬૬ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૩૧/૧૨/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

**સહી**
**એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ**
**અમરેલી ગ્રામ્ય**

તંત્રી લેખ

# ગુપ્ત સરસ્વતી: એક રહસ્યમય નદી

પ્રયાગમાં મહાકુંભનો પ્રારંભ થઈ ચૂક્યો છે અહીં સંગમ સ્થાને સરસ્વતી નદીનું નામ પણ લેવામાં આવે છે પરંતુ આ નદી દેખાતી નથી. આ નદી અદ્રશ્ય છે. મતલબ કે તે ગુપ્ત નદી છે. આ નદીનો પ્રવાહ ભૂગર્ભમાં વહે છે. પ્રયાગરાજમાં આ નદી ભૂગર્ભમાંથી ગંગા નદીના તળિયેથી પ્રગટ થઈને ગંગાના પ્રવાહમાં ભળતી હોવાની માન્યતા છે. ગંગા નદીમાં ઊંડે સુધી ડૂબકી લગાવનારાઓ કહે છે કે અમે ગંગા નદીને તળિયેથી સરસ્વતી નદીનો પ્રવાહ પ્રગટતો જોઈ શકીએ છીએ. વિપુલ પ્રમાણમાં પાણીનો પ્રવાહ ગંગામાં ભળે છે અને તેની પવિત્રતાને અનેક ઘણી વધારે છે. આ જલમાં સ્નાન કરવાથી માનવીના તન અને મનની શુદ્ધિ થાય છે, મનના વિચારોમાં પવિત્રતા આવે છે અને ધર્મભાવના દ્રઢ બને છે. અનેક લોકો નદીને સાકાર રૂપમાં જોઈ શકે છે. કુંભમેળામાં એવા અનેક સંતો છે જેઓ ગંગા માતા અને સરસ્વતી માતાના પ્રત્યક્ષ દર્શન કરી શકે છે, તેનો અનુભવ કરી શકે છે અને તેનું વર્ણન પણ કરી શકે છે. થોડા સમય પહેલા રાજસ્થાનમાં એક સ્થાન પર અચાનક જ જમીનમાંથી પાણીના ફુવારા છૂટ્યા અને ચારે બાજુ પાણી પથરાઈ ગયું એમ માનવામાં આવે છે કે સરસ્વતી નદીનું આ પ્રાગટ્ય થયું છે. આ વિષયનું સંશોધન ભૂભૌતિક વિજ્ઞાનના નિષ્ણાંતો હાલ કરી રહ્યા છે. સરસ્વતી નદી એક સમયે ઉત્તર ભારતથી એટલે કે હિમાલયમાંથી નીકળીને એક કરતાં વધારે રાજ્યોમાંથી પસાર થઈને વહેતી હતી પરંતુ સમય જતા તે જમીનમાં જ સમાઈ ગઈ. વેદોમાં વર્ણવવામાં આવેલી એક પવિત્ર નદી છે. આ નદીને સનાતન ધર્મમાં વિદ્યા અને સંસ્કૃતિની દેવી તરીકે પૂજવામાં આવે છે. જો કે, હાલમાં આ નદી દેખાતી નથી. તેથી, તેને 'ગુપ્ત સરસ્વતી' તરીકે ઓળખવામાં આવે છે. સરસ્વતી નદીનું પ્રાચીન મહત્વ જેવું-તેવું નથી. આ નદીને ઉપનિષદોમાં અતિ પવિત્ર નદી કહેવામાં આવી છે. સ્વર્ગમાં વહેતી ગંગાની જેમ જ આ નદી પણ જ્ઞાનની ગંગોત્રી છે. પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાં સરસ્વતી નદીનું વિશેષ મહત્વ હતું. આ નદીના કિનારે સિંધુ ખીણની સભ્યતા ફૂલીફાલી હતી. વેદોમાં સરસ્વતી નદીને સૌથી પવિત્ર નદી તરીકે વર્ણવવામાં આવી છે. તેને સરસ્વતી માતા તરીકે પૂજવામાં આવતી હતી અને વિદ્યા, સંગીત અને કલાની દેવી માનવામાં આવતી હતી. આટલી મહત્વની નદી અચાનક કેમ અદૃશ્ય થઈ ગઈ તે અંગે વિવિધ સિદ્ધાંતો છે. કેટલાક સિદ્ધાંતો અનુસાર, ભૂકંપ, પૂર જેવી કુદરતી આફતોના કારણે નદીનું પાણી સુકાઈ ગયું. જ્યારે કેટલાક સિદ્ધાંતો અનુસાર, માનવસર્જિત કારણો જેવા કે વનનાબૂદી, જમીનનું કટાવ વગેરેના કારણે નદીનું પાણી સુકાઈ ગયું. વૈજ્ઞાનિકો અને પુરાતત્વવિદો ગુપ્ત સરસ્વતીને શોધવા માટે સતત પ્રયાસો કરી રહ્યા છે. ઉપગ્રહ ચિત્રો અને ભૂસ્તરશાસ્ત્રીય સંશોધન દ્વારા સરસ્વતી નદીના પ્રાચીન માર્ગને ઓળખવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગુપ્ત સરસ્વતી એક રહસ્યમય નદી છે જેના વિશે ઘણા પ્રશ્નો હજુ પણ અનુત્તરિત છે. આ નદીનું અદૃશ્ય થવું એ માનવ સભ્યતા માટે એક મોટો પડકાર છે. આપણે આપણી ભૂતકાળની સંસ્કૃતિ અને પરંપરાઓને સમજવા માટે ગુપ્ત સરસ્વતીને શોધવાના પ્રયાસો ચાલુ રાખવા જોઈએ. સરસ્વતીને વિદ્યા અને સંસ્કૃતિની દેવી માનવામાં આવે છે. સરસ્વતી નદી હાલમાં દેખાતી નથી, તેથી તેને ગુપ્ત સરસ્વતી કહેવામાં આવે છે. સરસ્વતી નદીના અદૃશ્ય થવાના વિવિધ સિદ્ધાંતો છે. વૈજ્ઞાનિકો અને પુરાતત્વવિદો ગુપ્ત સરસ્વતીને શોધવા માટે સતત પ્રયાસો કરી રહ્યા છે.

# એક મધ્યમ વર્ગના માનવીએ ૧,૧૫૦ કરોડના એમ્પાયરની સ્થાપના કેવી રીતે કરી ?



પ્રાસંગિક
સુરેશ દેસાઈ

ગુજરાતીમાં એક કહેવત છે " મનુષ્ય યત્ન ઈશ્વર કૃપા"મનુષ્ય જો યત્ન કરે તો જ ઈશ્વર કૃપા કરે. ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ કહે છે કે કર્મયોગી બન. જે કામ કરે છે તે જીતે છે બાકી નસીબમાં હશે તો મળશે એમ માનીને નસીબને સહારે બેસી રહેનાર અગણિત લોકો ગરીબાઈમાં જન્મે છે અને ગરીબ તરીકે મરે છે. એક ફિલસુફે કીધું છે કે ગરીબ તરીકે જન્મવું અપરાધ નથી પરંતુ ગરીબ તરીકે મરવું તે મોટો અપરાધ છે. ભગવાને માનવીને હાથ પગ આપ્યા છે, ભૌતિક ક્ષમતા આપી છે, અનેક પ્રકારની તકો આપી છે આમ છતાં જો માનવી પુરુષાર્થ ન કરે તો એમાં નસીબનો દોષ નથી. કુદરતનો દોષ નથી. માનવીએ પોતે કામ કરવું જોઈએ અને એ કામ એવું કરવું જોઈએ કે જેને કારણે તેને સફળતા મળે. માનવી સમૃદ્ધ થશે કે નહીં તેનો આધાર તેના કર્મ પર છે. દાખલા તરીકે ૫૦ પૈસાનું માચીસ બોક્સ વેચનાર માત્ર પાંચ પૈસા મેળવે છે જ્યારે પાંચ લાખનો પ્લોટ વેચનાર એક દિવસમાં ૧૦ થી ૧૫ હજાર કમાઈ શકે છે. સખત મજૂરી કરનાર માનવી સાંજ પડે ૨૦૦ -૫૦૦ રૂપિયા માંડ મેળવે છે અને ચાર્ટર એકાઉન્ટન્ટ સહી કરીને ૫,૦૦૦ લે છે તો આ તેની ક્ષમતા છે. માનવી જો ક્ષમતા કેળવે તો તે સમૃદ્ધ બની શકે. સફળતાની એક મિશાલ પ્રસ્તુત છે. ભારતમાં રહેતો એક સામાન્ય માનવી એટલું વિરાટ કામ કરે છે કે જેને કારણે તે કરોડપતિ બને છે. આ સફળતાની એક અનોખી મિશાલ છે જે માત્ર ૧૦,૦૦૦ રૂપિયા ઉધાર લઈને કામ શરૂ કરે છે અને ૧,૧૫૦ કરોડનું સામ્રાજ્ય બનાવે, શું છે તેનો ધંધો? કેવી રીતે આ કમાલ કરી? કમલ ખુસાલાનીએ ૧૯૯૨માં તેમની કાકી પાસેથી ૧૦,૦૦૦ રૂપિયા ઉધાર લઈને એક ઉત્પાદન કંપની શરૂ કરી. ૧૯૯૮માં તેમણે મુફ્તી નામની બ્રાન્ડ લોન્ચ કરી. આજે, મુફ્તી પાસે ૩૭૯ વિશિષ્ટ બ્રાન્ડ સ્ટોર્સ અને ૧,૩૦૫ મલ્ટી-બ્રાન્ડ આઉટલેટ્સ છે. કમલે સંઘર્ષ કર્યો છે અને એક વિશાળ ફેશન સામ્રાજ્ય બનાવ્યું છે. ધરતી માતાને અનાજનો એક કણ આપો અને તે એક મણ પાછો આપે આ કુદરતની કમાલ છે. કણમાંથી મણ કરવું અને બીજમાંથી વૃક્ષ કરવું એ પ્રકૃતિનો નિયમ છે. તમે માત્ર એક જ બીજ વાવો અને તેમાંથી વિરાટ વૃક્ષ ઉત્પન્ન કરવું એ કુદરતનું કામ છે. કેરીનો માત્ર એક ગોટલો વાવો અને તેમાંથી આંબો ઉગે અને આંબા ઉપર અનેક કેરીઓ આવે અને તે પેઢી દર પેઢી લોકો ખાય એટલી કેરીઓ આપે છે. માનવીની ભીતરમાં આત્માની અદ્ભુત શક્તિ સમાયેલી છે જે બીજ સ્વરૂપ છે. આ શક્તિ પરમાત્માની છે માનવી કલ્પના કરે અને પરમાત્મા એ સાકાર કરે છે. જો ગરીબાઈની કલ્પના કરો તો કાયમ ગરીબાઈમાં રહો અને પોતાની જાતને શ્રીમંત માનો તો તમે હકીકતમાં શ્રીમંત બની જાઓ તેવો કુદરતનો નિયમ છે. ધ સિક્રેટ નામની બુકમાં આ જ વસ્તુ બતાવવામાં આવી છે. માણસ પણ પોતાના જીવનને ધરતીથી લઈને આભ સુધી વિકસિત કરી શકે છે. એને કહેવાય છે 'શૂન્યમાંથી સર્જન'. માણસ પાસે કશું જ ના હોય અને માણસ સમગ્ર વિશ્વ યાદ કરે એવું કંઈક અભૂતપૂર્વ સર્જન કરી બતાવે ત્યારે એની શક્તિઓ સોળે કળાએ ખીલી એમ કહી શકાય. દુનિયામાં જે માણસ જીવે છે એ બધા પાસે આવી આવડત છે, શક્તિ છે. બહુ ઓછા માણસો એવા હોય છે જે લોકો પોતાના શૂન્યાવકાશમાંથી ઊડીને અવકાશ તરફ ગતિ કરે છે. જે લોકો પોતાના શૂન્યની આગળ અનેક એકડાઓ લગાવી શકે છે. બાકીના માણસો માત્ર ને માત્ર શૂન્યના સરવાળા કરવામાં જિંદગી ગુમાવી દે છે. કશું જ સાર્થક કાર્ય કરી શકતા નથી જેથી સંપત્તિવાન બનતા નથી કે નથી બીજાને ઉપયોગી થતા. એ લોકો એમ કહે છે કે, ભાઈ આપણા નસીબે તો મોટું મીંડું છે. આપણે પ્રગતિ કેવી રીતે કરી શકીએ? પણ એ રીતે શૂન્યના વર્તુળમાં બેસી રહેવાથી જ તમને સફળતા નથી મળતી. એકવાર તમે શૂન્યમાંથી બહાર ડગ મૂકવાનો વિચાર કરો અને એના માટે જરૂરી એવી મહેનત કરો તો તમારું શૂન્ય તમને અનન્ય પ્રગતિ અને સફળતા અપાવશે. શૂન્યની આગળ મીંડા મૂકો તો સંપત્તિવાન બનો અને પાછળ મીંડા પર મૂકો તો જિંદગી શૂન્ય બનીને રહી જાય!! કમલ ખુસાલાનીએ માત્ર ૧૦,૦૦૦ રૂપિયા ઉધાર લઈને ૧,૧૫૦ કરોડ રૂપિયાનું વ્યાપાર સામ્રાજ્ય બનાવ્યું છે. તેમની બ્રાન્ડ **MUFTI** આજે ભારતીય ફેશન જગતમાં એક જાણીતું નામ છે. તેમની વાર્તા સખત મહેનત, નવા વિચારો અને સપનાઓની શક્તિ દર્શાવે છે. ૧૯૯૮માં શરૂ થયેલી તેમની સફર બાઈક પર કપડાં વેચવાથી કરોડોના વ્યવસાય સુધી વિસ્તરી છે. ચાલો અહીં કમાલ ખુસાલાનીની સફળતાની સફર વિશે જાણીએ. પિતાના મૃત્યુ પછી મુશ્કેલીઓનો પહાડ તૂટી પડ્યો. કમાલ ખુસાલાનીનો જન્મ એક સામાન્ય પરિવારમાં થયો હતો. જ્યારે તે ૧૯ વર્ષના હતા, ત્યારે તેમના પિતાનું અવસાન થયું. આના કારણે પરિવાર પર મુસીબતોનો પહાડ તૂટી પડ્યો. પરિવારને આર્થિક મદદ કરવા માટે, કમલે એક કેસેટ કંપનીમાં કામ કરવાનું શરૂ કર્યું. મુશ્કેલીઓ છતાં, કમલ ફેશન પ્રત્યે ઉત્સાહી હતા. મિત્રો અને પરિચિતો ઘણીવાર તેમની પાસેથી કપડાં અને શૈલી વિશે સલાહ લેતા. આનાથી તેમનો આત્મવિશ્વાસ વધ્યો અને તેમણે પોતાનો વ્યવસાય શરૂ કરવાનું વિચાર્યું. ૧૦ હજાર ઉધાર લઈને કામ શરૂ કર્યું. ૧૯૯૨માં, કમલે તેની કાકી પાસેથી ૧૦,૦૦૦ રૂપિયા ઉધાર લઈને પોતાનો પહેલો વ્યવસાય શરૂ કર્યો. આ એક શર્ટ બનાવતી કંપની હતી. તેનું નામ શ્રી અને શ્રી હતું. કમલ પોતાના ઘરેથી, જે તેમની ઓફિસ અને વેરહાઉસ બંને હતું, ડિઝાઈનિંગથી લઈને ઉત્પાદન અને વેચાણ સુધી બધું જ સંભાળતા હતા. જોકે, આ શરૂઆતના કાર્યથી તેમને એક આધાર મળ્યો. પણ, કમલ કંઈક મોટું કરવા માંગતા હતા. ૧૯૯૮માં તેમણે મુફ્તી બ્રાન્ડ લોન્ચ કરી. આનાથી ભારતીય પુરુષોની ફેશનમાં વધુ પરિવર્તન આવ્યું. શરૂઆતના દિવસો સરળ નહોતા. કોઈ ઓફિસ કે સ્ટાફ વગર, કમલ પોતાની બાઇક પર સુટકેસમાં કપડાં પેક કરતો અને દુકાનદારોને વેચતો. આજે દેશભરમાં દુકાનો છે. મુફ્તી માટે વાસ્તવિક પરિવર્તન ૨૦૦૦ ના દાયકાની શરૂઆતમાં આવ્યું. ત્યારબાદ બ્રાન્ડે પુરુષો માટે સ્ટ્રેચ જીન્સ રજૂ કર્યા. ભારતીય બજારમાં આ એક નવો વિચાર હતો. આ નવીનતાને ગ્રાહકો દ્વારા સારો પ્રતિસાદ મળ્યો અને મુફ્તી લોકપ્રિય બન્યું. બ્રાન્ડ ટૂંક સમયમાં વિસ્તરી. કમાલ ખુસલાનીએ મુફ્તીના એક્સક્લુઝિવ બ્રાન્ડ આઉટલેટ્સ ખોલ્યા. આજે, મુફ્તી પાસે દેશભરમાં ૩૭૯ એક્સક્લુઝિવ બ્રાન્ડ સ્ટોર્સ, ૮૯ મોટા ફોર્મેટ સ્ટોર્સ અને ૧,૩૦૫ મલ્ટી-બ્રાન્ડ આઉટલેટ્સ છે. શૂન્યથી શિખર સુધીની આ સફરમાં, કમલને ઘણા પડકારોનો સામનો કરવો પડ્યો. આમાં સામાજિક શંકાનો પણ સમાવેશ થતો હતો. જોકે, તે પોતાના દ્રષ્ટિકોણ પર અડગ રહ્યો. કોઈપણ શંકા કે અવરોધથી નિરાશ ન થાઓ. અસંખ્ય ઉદ્યોગસાહસિકો માટે કમલની વાર્તા તે બધા લોકો માટે પ્રેરણાદાયક છે જેઓ પોતાના સપના પૂરા કરવા માંગે છે. આ વાર્તા આપણને કહે છે કે મુશ્કેલીઓ ગમે તેટલી મોટી હોય, જો ઈરાદા મજબૂત હોય તો સફળતા ચોક્કસ મળે છે. કમલે ફક્ત એક બ્રાન્ડ જ નહીં, પણ એક એવું ઉદાહરણ પણ સ્થાપિત કર્યું જે આવનારી પેઢીઓને પ્રેરણા આપતું રહેશે. તેમની વાર્તા એ પણ દર્શાવે છે કે વ્યવસાયમાં માત્ર પૈસા જ નહીં પરંતુ નૈતિક મૂલ્યો પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે. મુફ્તી ફેશન પ્રત્યેના તેમના દૃઢ નિશ્ચય અને જુસ્સાને મૂર્તિમંત કરે છે, જે અસંખ્ય ઉભરતા ઉદ્યોગસાહસિકોને તમામ અવરોધો સામે તેમના સપનાઓને સાકાર કરવા પ્રેરણા આપે છે.

**કમલ ખુસાલાનીએ ૧૯૯૨માં તેમની કાકી પાસેથી ૧૦,૦૦૦ રૂપિયા ઉધાર લઈને એક ઉત્પાદન કંપની શરૂ કરી. ૧૯૯૮માં તેમણે મુફ્તી નામની બ્રાન્ડ લોન્ચ કરી. આજે, મુફ્તી પાસે ૩૭૯ વિશિષ્ટ બ્રાન્ડ સ્ટોર્સ અને ૧,૩૦૫ મલ્ટી-બ્રાન્ડ આઉટલેટ્સ છે. એક વિશાળ ફેશન સામ્રાજ્ય બનાવ્યું છે. પ્રસ્તુત છે એક સક્સેસ સ્ટોરી.**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૩૪૦ | ૧૫૦૩ |
| ઘઉં લોકવન | ૬૦૧ | ૬૪૧ |
| ઘઉં ટુકડા | ૬૧૨ | ૬૭૩ |
| જુવાર સફેદ | ૭૭૫ | ૮૭૪ |
| બાજરી | ૪૬૦ | ૪૮૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૭૨૦ |
| ચણા પીળા | ૧૦૫૦ | ૧૨૬૫ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૨૩૨૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૬૨૫ |
| મગ | ૧૨૫૦ | ૧૮૫૦ |
| ચોળી | ૧૩૩૦ | ૨૬૬૦ |
| મઠ | ૬૦૦ | ૧૧૯૦ |
| કળથી | ૭૩૬ | ૭૩૬ |
| મગફળી જાડી | ૯૩૦ | ૧૧૫૫ |
| મગફળી જીણી | ૯૫૦ | ૧૨૫૦ |
| અળશી | ૧૦૬૨ | ૧૦૬૨ |
| તલી | ૧૮૦૦ | ૨૩૦૦ |
| એરંડા | ૧૧૭૫ | ૧૨૩૪ |
| અજમો | ૧૨૫૦ | ૧૨૫૦ |
| સુવા | ૧૦૮૨ | ૧૦૮૨ |
| સોયાબીન | ૭૬૦ | ૮૨૭ |
| સીંગફાડા | ૧૦૬૦ | ૧૨૮૫ |
| કાળા તલ | ૩૦૦૦ | ૪૪૪૪ |
| લસણ | ૧૪૫૧ | ૩૨૫૦ |
| ધાણા | ૧૧૦૦ | ૧૬૦૦ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૨૬૦૦ |
| ધાણી | ૧૨૮૦ | ૧૬૦૧ |
| વરીયાળી | ૧૨૧૮ | ૧૫૦૫ |
| જીરૂ | ૩૯૦૦ | ૪૨૯૯ |
| રાય | ૧૦૯૫ | ૧૩૨૯ |
| મેથી | ૯૫૦ | ૧૨૦૦ |
| ઇસબગુલ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| રાયડો | ૯૮૦ | ૧૧૧૬ |
| રજકાનું બી | ૨૨૦૦ | ૩૮૦૦ |
| ગુવારનું બી | ૯૯૦ | ૧૦૪૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૪૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૨૦૦ | ૪૦૦ |
| ડુંગળી સુકી | ૧૩૦ | ૪૬૦ |
| ટમેટા | ૧૦૦ | ૩૦૦ |
| સુરણ | ૧૧૦૦ | ૧૪૦૦ |
| કોથમરી | ૧૦૦ | ૨૦૦ |
| મુળા | ૩૦૦ | ૫૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૦૦ |
| કોબીજ | ૪૦ | ૬૦ |
| ફ્લાવર | ૧૦૦ | ૨૦૦ |
| ભીંડો | ૬૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ચોળાસીંગ | ૭૦૦ | ૯૦૦ |

| | | |
|---|---|---|
| વાલોળ | ૧૨૦ | ૨૪૦ |
| ટીંડોળા | ૬૦૦ | ૯૦૦ |
| દુધી | ૧૨૦ | ૨૩૦ |
| કારેલા | ૫૦૦ | ૭૦૦ |
| સરગવો | ૬૦૦ | ૧૩૦૦ |
| તુરીયા | ૮૫૦ | ૧૨૩૦ |
| પરવર | ૧૧૦૦ | ૧૪૫૦ |
| કાકડી | ૭૦૦ | ૧૦૦૦ |
| ગાજર | ૨૦૦ | ૪૦૦ |
| વટાણા | ૫૦૦ | ૭૦૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૫૫૦ |
| ગલકા | ૪૦૦ | ૬૦૦ |
| બીટ | ૧૫૦ | ૩૨૦ |
| મેથી | ૧૦૦ | ૨૦૦ |
| વાલ | ૪૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૪૦૦ |
| આદુ | ૬૦૦ | ૮૦૦ |
| ચણા લીલા | ૧૦૦ | ૪૦૦ |
| મરચા લીલા | ૪૫૦ | ૯૦૦ |
| હળદર લીલી | ૭૦૦ | ૧૦૦૦ |
| લસણ લીલું | ૧૧૦૦ | ૧૬૦૦ |
| મકાઇ લીલી | ૧૮૦ | ૩૨૦ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૬૦ | ૧૧૩૮ |
| ગિરનારી શીંગ | ૧૧૬૧ | ૧૧૯૮ |
| શિંગ મોટી | ૮૧૦ | ૧૨૧૧ |
| શિંગ ફાડા | ૯૩૦ | ૧૨૭૦ |
| તલ સફેદ | ૧૦૨૫ | ૨૩૬૬ |
| તલ કાળા | ૩૩૪૦ | ૪૨૦૦ |
| તલ કાશ્મીરી | ૨૬૭૫ | ૨૮૦૦ |
| બાજરો | ૫૭૦ | ૫૯૩ |
| જુવાર | ૪૩૦ | ૮૧૬ |
| ઘઉં ટુકડા | ૫૮૨ | ૬૬૬ |
| ઘઉં લોકવન | ૫૮૩ | ૬૫૫ |
| અડદ | ૧૩૦૦ | ૧૩૫૫ |
| ચણા | ૧૦૧૫ | ૧૨૧૬ |
| તુવેર | ૧૧૭૦ | ૧૬૬૧ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૦૬ |
| એરંડા | ૧૧૫૬ | ૧૨૦૬ |
| જીરૂ | ૩૨૦૦ | ૪૪૭૦ |
| ધાણા | ૧૨૩૦ | ૧૩૪૫ |
| અજમા | ૧૮૯૦ | ૧૯૫૦ |
| મેથી | ૧૦૨૦ | ૧૦૪૦ |
| સોયાબીન | ૬૦૦ | ૮૩૦ |
| મરચા લાંબા | ૩૭૦ | ૨૭૧૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૦૦ | ૫૨૦ |
| રીંગણાં | ૪૦૦ | ૫૦૦ |
| ફુલાવર | ૧૪૦ | ૨૪૦ |
| કોબીજ | ૧૨૦ | ૨૨૦ |

| | | |
|---|---|---|
| શક્કરીયા | ૪૦૦ | ૬૦૦ |
| ટામેટા | ૧૦૦ | ૨૬૦ |
| સુરણ | ૧૦૫૦ | ૧૧૫૦ |
| ગાજર | ૩૮૦ | ૫૪૦ |
| દૂધી | ૧૬૦ | ૩૦૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૦૦ | ૫૪૦ |
| મુળા | ૧૫૦ | ૨૬૦ |
| કાકડી | ૩૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૬૦૦ | ૧૨૦૦ |
| વાલોળ | ૩૦૦ | ૫૦૦ |
| વટાણા | ૭૦૦ | ૮૨૦ |
| ચોળાલીલાં | ૪૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૧૨૦૦ |
| આમળા | ૬૪૦ | ૮૦૦ |
| ચણાં લીલા | ૧૨૦૦ | ૧૪૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૬૦૦ |
| હળદર લીલી | ૮૨૦ | ૧૦૦૦ |
| આદુ | ૭૦૦ | ૮૪૦ |
| કોથમીર | ૪૦૦ | ૫૨૦ |
| મેથીભાજી | ૨૨૦ | ૩૦૦ |
| ફુદીનો | ૫૫૦ | ૭૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૫૫૦ |
| બીટ | ૨૦૦ | ૫૦૦ |
| તુવેર | ૩૫૦ | ૬૦૦ |
| સરગવો | ૮૦૦ | ૧૦૦૦ |
| લીમડો મીઠો | ૩૧૦ | ૩૪૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૭૦૦ |
| મરચા લાલ | ૪૨૦ | ૮૫૦ |
| ડુંગળી લીલી | ૨૫૦ | ૪૨૦ |
| ડુંગળી સૂકી | ૧૧૦ | ૪૧૦ |
| લસણ લીલુ | ૮૦૦ | ૨૦૦૦ |
| લસણ સુકુ | ૨૬૦૦ | ૩૩૦૦ |
| મકાઈ | ૨૮૦ | ૪૦૦ |
| લીંબુ | ૯૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૭૦૦ | ૯૫૦ |
| પાલક | ૨૦૦ | ૩૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૨૦૧ | ૧૪૭૬ |
| ઘઉં લોકવન | ૫૯૬ | ૬૫૦ |
| ઘઉં ટુકડા | ૬૧૨ | ૭૪૬ |
| સિંગ ફાડીયા | ૮૦૦ | ૧૨૩૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૧ | ૧૨૮૬ |
| તલ લાલ | ૨૬૦૦ | ૨૬૦૦ |
| જીરૂ | ૩૮૦૧ | ૪૪૫૧ |
| વરીયાળી | ૧૪૨૧ | ૧૬૩૧ |
| ધાણા | ૮૫૧ | ૧૭૨૧ |
| અડદ | ૮૩૧ | ૧૬૩૧ |
| મઠ | ૭૯૧ | ૧૧૬૧ |
| તુવેર | ૮૩૧ | ૧૭૦૧ |

| | | |
|---|---|---|
| રાયડો | ૫૫૧ | ૮૭૧ |
| મેથી | ૬૮૧ | ૧૦૫૧ |
| કાંગ | ૯૯૧ | ૯૯૧ |
| સુરજમુખી | ૯૦૧ | ૯૦૧ |
| સફેદ ચણા | ૧૧૦૧ | ૧૮૭૬ |
| તલ - તલી | ૧૭૦૦ | ૨૪૫૧ |
| ધાણી | ૧૦૦૦ | ૧૮૮૧ |
| ડુંગળી સફેદ | ૨૨૧ | ૩૨૧ |
| બાજરો | ૩૯૧ | ૫૩૧ |
| જુવાર | ૭૭૬ | ૮૧૧ |
| મકાઇ | ૫૩૧ | ૫૩૧ |
| મગ | ૧૦૧૧ | ૧૮૫૧ |
| ચણા | ૧૦૫૦ | ૧૩૦૧ |
| વાલ | ૪૭૧ | ૧૨૫૧ |
| ચોળા / ચોળી | ૬૩૧ | ૨૩૧૧ |
| સોયાબીન | ૭૦૬ | ૮૩૧ |
| રજકાનું બી | ૪૨૯૧ | ૪૨૯૧ |
| ગોગળી | ૬૦૦ | ૮૯૧ |
| વટાણા | ૫૯૧ | ૬૦૧ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૪૨ | ૧૫૨૮ |
| કપાસ મીડીયમ | ૧૨૨૪ | ૧૩૬૬ |
| મગફળી ૨૦ નં. | ૧૦૭૫ | ૧૧૩૫ |
| મગફળી બીટી | ૯૫૯ | ૧૦૭૧ |
| ઘઉં | ૫૦૩ | ૬૮૭ |
| સોયાબીન | ૭૬૨ | ૭૭૮ |
| ચણા | ૧૦૩૦ | ૧૧૯૦ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૫૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૫૫૩ | ૬૧૮ |
| ઘઉં ટુકડા | ૫૬૨ | ૬૨૫ |
| તુવેર | ૧૦૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૫૦૦ | ૭૯૨ |
| મગફળી | ૭૦૨ | ૮૮૦ |
| ચણા | ૧૧૨૦ | ૧૧૬૦ |
| મગ | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૨૫૫ | ૧૪૬૦ |
| શીંગદાણા | ૧૧૦૫ | ૧૧૪૫ |
| બાજરો | ૫૬૦ | ૫૬૦ |
| તલ સફેદ | ૧૬૫૦ | ૧૯૬૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૦૪૫ | ૧૫૦૫ |
| મગફળી | ૭૦૧ | ૧૦૫૨ |
| તુવેર | ૧૪૬૧ | ૧૪૯૬ |
| ધાણા | ૯૭૬ | ૧૦૧૦ |
| તલ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| અડદ | ૧૨૬૫ | ૧૩૦૦ |
| સોયાબીન | ૬૪૦ | ૭૯૬ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૨૬ | ૧૪૮૬ |

| | | |
|---|---|---|
| મગફળી | ૯૭૫ | ૧૧૦૬ |
| સોયાબીન | ૭૨૧ | ૭૨૧ |
| તુવરે | ૧૦૫૦ | ૧૦૫૦ |
| મગ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૧૫૦ | ૧૫૨૦ |
| બાજરો | ૪૫૫ | ૫૨૫ |
| ઘઉં | ૫૮૦ | ૬૮૦ |
| મગ | ૧૧૦૦ | ૧૪૩૫ |
| અડદ | ૧૧૦૦ | ૧૪૯૦ |
| મઠ | ૮૦૦ | ૯૬૦ |
| ચોળી | ૧૮૦૦ | ૨૧૪૫ |
| વાલ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૦૮૨ | ૧૨૧૨ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૦૮૦ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૧૧૫ |
| એરંડા | ૧૧૩૦ | ૧૨૧૮ |
| તલ | ૧૯૮૫ | ૨૨૫૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૦૯૬ |
| લસણ | ૮૦૦ | ૨૯૦૫ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૩૨૫ |
| અજમો | ૨૦૦૦ | ૫૩૦૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૪૬૫ |
| ડુંગળી સુકી | ૧૧૦ | ૫૫૧ |
| મરચા સુકા | ૬૦૦ | ૩૩૦૦ |
| સોયાબીન | ૭૮૦ | ૮૪૦ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૧૨૦ | ૧૨૭૦ |
| શીંગ ૩૨ | ૯૪૦ | ૧૧૨૫ |
| શીંગ ૩૯ | ૯૨૦ | ૧૦૭૮ |
| શીંગ જી-૨૦ | ૧૦૩૦ | ૧૧૬૧ |
| જુવાર | ૪૬૦ | ૯૨૦ |
| બાજરી | ૪૭૮ | ૬૬૫ |
| ઘઉં ટુકડા | ૬૪૪ | ૭૧૩ |
| અડદ | ૭૭૭ | ૧૫૦૧ |
| મગ દેશી | ૧૮૦૪ | ૧૯૭૧ |
| સોયાબીન | ૭૫૧ | ૮૧૫ |
| ચણા | ૧૧૦૦ | ૧૧૦૦ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૨૫૦ |
| તલ પુરબીયા | ૩૮૪૫ | ૩૮૪૫ |
| તુવેર | ૮૦૦ | ૧૫૫૬ |
| કળથી | ૮૧૦ | ૮૧૦ |
| ડુંગળી લાલ | ૧૫૧ | ૫૯૧ |
| ડુંગળી સફેદ | ૨૫૪ | ૫૦૦ |
| કપાસ શંકર | ૧૩૭૦ | ૧૪૩૪ |
| નાળીયેર | ૮૮૨ | ૨૩૨૨ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૧૧ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૩ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૨૬ |

| | | |
|---|---|---|
| અડદ | ૯૦૦ | ૧૨૧૧ |
| મગફળી | ૭૦૦ | ૧૦૪૬ |
| શીંગફાડા | ૮૦૦ | ૧૦૦૦ |
| ધાણા | ૧૦૦૦ | ૧૪૦૬ |
| સોયાબીન | ૭૦૦ | ૮૩૬ |
| **રાજુલા** | | |
| શીંગ | ૮૫૦ | ૧૧૨૧ |
| તલ સફેદ | ૧૪૦૦ | ૨૦૦૦ |
| તલ પીળા | ૨૬૬૦ | ૨૭૦૧ |
| કપાસ | ૧૩૫૦ | ૧૫૦૬ |
| બાજરા | ૫૨૬ | ૬૮૨ |
| ઘઉં ટુકડા | ૫૭૦ | ૬૯૧ |
| જુવાર | ૫૫૨ | ૮૫૧ |
| મગ | ૧૭૦૧ | ૧૭૦૧ |
| અડદ | ૮૦૦ | ૧૩૮૦ |
| તુવેર | ૧૩૫૦ | ૧૩૫૦ |
| ચણા | ૭૦૦ | ૧૧૫૫ |
| સોયાબીન | ૭૫૦ | ૭૫૧ |
| ગમગુવાર | ૮૫૧ | ૮૫૧ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૯૨૦ | ૧૦૬૦ |
| શીંગ મોટી | ૧૦૨૧ | ૧૧૫૫ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૩૦૦ |
| તલ કાશ્મીરી | ૨૭૦૦ | ૨૭૫૧ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૨૫૧ |
| કપાસ | ૧૩૨૫ | ૧૪૭૬ |
| ઘઉ લોકવન | ૫૭૦ | ૬૪૩ |
| ઘઉં ટુકડા | ૬૦૦ | ૬૬૦ |
| બાજરો | ૬૨૫ | ૭૧૨ |
| ચણા | ૧૦૦૦ | --- |
| તુવેર | ૧૩૮૮ | ૧૫૨૨ |
| એરંડી | ૧૧૦૦ | ૧૨૦૦ |
| સોયાબીન | ૭૨૧ | ૭૯૭ |
| ધાણા | ૧૩૬૪ | --- |
| **મોટા લીલીયા** | | |
| કપાસ | ૧૩૨૦ | ૧૪૭૫ |
| કપાસ સી ગ્રેડ | ૬૯૫ | ૬૯૫ |
| **કોડીનાર** | | |
| મગફળી જીર૦ | ૧૦૧૧ | ૧૧૦૯ |
| મગફળી ૩૨નં | ૯૮૦ | ૧૦૮૭ |
| બાજરી હાઈબ્રીડ | ૫૫૦ | ૬૩૨ |
| ઘઉં | ૫૨૫ | ૬૬૯ |
| તુવેર | ૧૩૫૦ | ૧૬૬૧ |
| જુવાર | ૬૮૦ | ૬૩૮ |
| અડદ | ૧૦૫૦ | ૧૬૯૮ |
| ચણા | ૧૦૮૦ | ૧૨૨૨ |
| જા.તલ | ૨૫૦૦ | ૨૭૧૦ |
| સફેદ તલ | ૧૫૦૦ | ૨૧૯૦ |
| સોયાબીન | ૭૯૪ | ૮૨૬ |
| કપાસ | ૧૩૩૦ | ૧૪૮૦ |

## શબ્દ સંજોગ-૧૯૩૫



**આડી ચાવી :**
(૧) પ્રસાર, વિસ્તાર (૨)
(૨) સહિયારું (૪)
(૬) પ્રસંગ, ઘટના (૩)
(૭) એક વાસણ (૩)
(૯) પાણી પહેલા આ બાંધવી જોઈએ (૨)
(૧૦) ખેલાડીઓનો સમૂહ (૨)
(૧૨) આશરો (૩)
(૧૩) એક વાદ્ય (૨)
(૧૫) એક મુસ્લિમ મહિનો (૩)
(૧૭) ચોખામાંથી બનતી એક વાનગી (૩)
(૧૮) દાણા (૩)
(૧૯) કબૂલાત, વચન, સુલેહ (૩)
(૨૧) મોજશોખ (૪)
(૨૪) ચતુર, પ્રવીણ (૨)
(૨૫) આમને અક્કલ ન હોય (૫)
(૨૭) સંતલસ (૪)
(૨૮) મગ્ન (૨)

**ઉભી ચાવી :**
(૧) વર્તુળના મધ્યબિંદુમાંથી પસાર થઈને તેના પરિધને અડતી લીટી (૨)
(૨) મનાઈ (૨)
(૩) જીવતરની વાતો (૮)
(૪) કુમળા અને ઝીણા વાળ (૩)
(૫) કાકાની પત્ની (૨)
(૬) તાકાત (૨)
(૮) કોલકતાનું હવાઈમથક (૪)
(૧૧) વજન (૨)
(૧૪) ઉપવાસમાં.. કરાય (૩)
(૧૬) છીંકણી (૩)
(૧૭) રાજા, ગોર (૪)
(૧૯) પગલું (૩)
(૨૦) દૈત્ય (૩)
(૨૨) આ મટે એટલે વૈદ વેરી (૩)
(૨૩) એક શાક (૩)
(૨૬) નીચું (૨)

## શબ્દ સંજોગ-૧૯૩૪ જવાબ

**આડી ચાવી:** (૧) હિમાચલપ્રદેશ (૬) કસર (૮) યમ (૧૦) પાપ (૧૧) ટપક(કપટ) (૧૨) તવારીખ (૧૫) લમર(રમલ) (૧૬) પાડ (૨૧) મમતા (૨૨) દામન (૨૪) ખતરો (૨૫) હેમંત (૨૬) કોર (૨૭) નગર (૨૮) લાગણી.
**ઉભી ચાવી:** (૧) હિમાયત (૨) ચલ (૩) પ્રતાપ (૪) શકટ (૫) તારક (૭) સપનું (૯) મવાલ (૧૦) પાખર (૧૩) રીમ (૧૪) કૃપા (૧૭) ડમરો (૧૮) સતાધાર (૧૯) વૃંદાવન (૨૦) વખત (૨૩) નહેર (૨૬) કોણી.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# જિલ્લા ભાજપ પ્રમુખો ના નામો જાહેર થવામાં હજુ પણ વિલંબ થઈ શકે છે

અમદાવાદ,તા.૧૭

કમુરતા બાદ ગુજરાત ભાજપમાં ભાજપ જિલ્લા અને શહેર પ્રમુખના નામોની જાહેરાત થશે. તેમજ ભાજપના નવા સુકાનીની પણ જાહેરાત થવાની છે તેવું ચર્ચાયું હતું. પરંતુ હવે આ જાહેરાત થવામાં વિલંબ થઈ રહ્યો છે. શહેર ભાજપ પ્રમુખ અને જિલ્લા ભાજપ પ્રમુખોની નિયુક્તિઓની પ્રક્રિયામાં કોકડું ગુંચવાયું છે. શહેર અને જિલ્લા ભાજપ પ્રમુખોના નામો જાહેર થવામાં હજુ પણ વિલંબ થઈ શકે છે. ઉમેદવારી ફોર્મ ભરાયાના એક અઠવાડિયાથી વધુ સમય બાદ પણ હજુ પણ નામો જાહેર થવાના બાકી છે. જિલ્લા અને શહેર ભાજપ પ્રમુખોના નામો અંગે દિલ્હીથી લીલી ઝંડીની રાહ જોવાય રહી છે. સંગઠનની નિયુક્તિ પ્રક્રિયાના વિલંબ વચ્ચે રવિવારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે પી નડ્ડા ગુજરાતમાં આવશે, તે બાદ




જ જાહેરાત થવાની શક્યતા છે. ગુજરાત ભાજપમાં ૩૪ જિલ્લા અને ૧૭ મહાનગરોના પ્રમુખોનું કોકડું ગુંચવાયુ છે. ગમે ત્યારે નામની જાહેરાત થશે તેવું આંતરિક સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. કેન્દ્રીય મંત્રી અમિત શાહ હાલમાં જ ગુજરાત પ્રવાસે હતા, ત્યારે શક્યતા હતી કે નામોની જાહેરાત કરવામાં આવે. પરંતુ હવે શાહ બાદ ભાજપના રાજકીય અધ્યક્ષ જેપી નડ્ડા પણ ગુજરાત આવશે. પ્રમુખપદના લટકી રહેલા ગાજર વચ્ચે ભાજપ અધ્યક્ષ રવિવારે ગુજરાતમાં હોવાથી હવે મનોમંથન બાદ જ જાહેરાત થશે તેવું લાગી રહ્યું છે.

# ધોરાજીના ઉમરકોટ ગામે તંત્ર દ્વારા સરકારી ખરાબાની જમીન પરથી દબાણો દૂર કરાયા

ધોરાજી,તા.૧૭

ધોરાજીના ઉમરકોટ ગામે તંત્ર દ્વારા સરકારી ખરાબાની જમીન પરથી દબાણો દૂર કરીને રૂ. ૩૬,૩૩,૭૫૦ કિંમતની જમીનો આજે ખુલ્લી કરાઈ હતી. ધોરાજીના નાયબ કલેકટર એન. એમ. તરખાલા, મામલતદાર ગોંડલીયા, તાલુકા પોલીસ, સહિતના અધિકારીઓની ટીમે ઉમરકોટ ગામે દબાણો દૂર કરવાની કામગીરી શરૂ કરી છે.



ગામની સરકારી જમીનમાં પોલ્ટ્રી ફાર્મ-૨ તથા ઓરડીઓ મળી કુલ ૧૦૦૦ ચો.મી. જમીનમાં બાંધકામ કરી દબાણ કરેલ હતું, જેની અંદાજિત બજાર કિંમત રૂપિયા ૨૨,૫૦,૦૦૦/- થાય છે. આ ઉપરાંત અન્ય જમીનમાં પોલ્ટ્રી ફાર્મ તથા ઓરડીઓ મળી ૬૧૫ ચો.મી.જમીનમાં બાંધકામ કરી દબાણ કરેલ હતું. જેની અંદાજીત કિંમત રૂ.૧૩,૮૩,૭૫૦/- થાય છે. આમ કુલ ૧૬૧૫ ચો.મી.જમીન પર દબાણ થયેલ હતું જેની કુલ કિંમત ૩૬,૩૩,૭૫૦ /- થાય છે જે દબાણો દુર કરાયા છે. બાકીની જમીન પર થયેલ દબાણ બાબતે કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરી તેને દૂર કરવાની કામગીરી આગામી સમયમાં શરૂ થશે.

# સુરતમાં ધો.-૧૦ની વિદ્યાર્થીનીએ યુ-ટ્યુબ જોઈને જાતે જ કર્યો ગર્ભપાત

સુરત,તા.૧૭

સુરતથી સમાજ સામે આંગળી ચિંધતો ગંભીર કિસ્સો સામે આવ્યો છે. ધોરણ ૧૦ની વિદ્યાર્થિનીએ જાતે ઘરમાં ગર્ભપાત કર્યો હતો. યુટ્યુબ પરથી જોઈને સગીરાએ જાતે ગર્ભપાત કર્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. ૧૬ વર્ષની સગીરાને ૧૬ વર્ષના સોશિયલ મીડિયાના મિત્રએ ગર્ભવતી કરી હતી..જે બાદ તેણે બાળકને જન્મ આપતાની સાથે જ ત્યજી દીધું હતું. ૯ તારીખે પાંડેસરામાંથી મળેલી નવજાત બાળકીના વાલીની તપાસ પોલીસે શરૂ કરતા આ આખો કિસ્સો સામે આવ્યો. પોલીસ તપાસ માટે ઘરે આવી ત્યારે કિશોરીનો ભાંડો ફૂટ્યો. મોબાઈલનું વળગણ માનવજાતને ગળી રહ્યું છે. મોબાઈલને કારણે માસુમોની જિંદગી છીનવાઈ રહી છે. સુરતનો આ કિસ્સો તમને હચમચાવી દેશે. એક ૧૬ વર્ષની સગીરા આવું કરી શકે તે માનવામાં ન આવે તેવી ઘટના છે.

# અમદાવાદ ઈન્દોર હાઈવે પર કાર ચાલકે સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવતા ચાર લોકોના મોત

(એચ.એસ.એલ),ખેડા,તા.૧૭

અમદાવાદ ઈન્દોર હાઈવે પર ગમખ્વાર અકસ્માત સર્જાયો છે. હાઈવે પર રાત્રિ દરમિયાન ગાય આવી જતા કાર ચાલકે સ્ટિયરિંગ પથી કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે કાર પલ્ટી ગઈ હતી. જેના કારણે કારમાં સવાર પાંચ લોકોમાંથી ચાર લોકોના ઘટના સ્થળે જ મોત નીપજ્યા છે. આ તમામ મૃતકો બાલાસિનોરના હોવાની પ્રાથમિક



માહિતી સામે આવી છે. ગુરૂવારે મોડીરાતે પૂરપાટ જતી કારની વચ્ચે ગાય આવી જતા ચાલકે સ્ટિયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જેના કારણે કાર પલટી ખાઈ ગઈ હતી. કારમાં કુલ પાંચ લોકો સવાર હતા જેમાંથી ચાર લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. આ અકસ્માતની જાણ થતા કઠલાલ પોલીસ ઘટના સ્થળે પહોંચીને વધુ કામગીરી હાથ ધરી છે. હાલ તમામ મૃતદેહને સિવિલ હોસ્પિટલમાં પોસ્ટમોર્ટમ માટે લઈ જવામાં આવ્યા છે. આ સાથે ઈજાગ્રસ્ત વ્યક્તિને પણ સારવાર માટે તાત્કાલિક ધોરણે હોસ્પિટલામાં લઈ જવામાં આવ્યો છે.

# ગોધરા ટ્રેન અગ્નિ કાંડ મામલામાં સુપ્રીમ કોર્ટ ૧૩ ફેબ્રુઆરીએ સુનાવણી કરશે

અમદાવાદ,તા.૧૭

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે તે ૨૦૦૨ના ગોધરા ટ્રેન આગ કેસમાં ગુજરાત સરકાર અને અન્ય કેટલાક દોષિતો દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલ પર ૧૩ ફેબ્રુઆરીએ સુનાવણી કરશે. જસ્ટિસ જેકે મહેશ્વરી અને જસ્ટિસ અરવિંદ કુમારની ખંડપીઠે સ્પષ્ટ કર્યું કે આગામી સુનાવણી પર આ કેસમાં કોઈ મુલત્વી આપવામાં આવશે નહીં. ૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૨ના રોજ, ગુજરાતના ગોધરામાં સાબરમતી એક્સપ્રેસના S-૬ કોચને આગ લગાડવામાં આવી હતી, જેમાં ૫૯ લોકોના મોત થયા હતા અને રાજ્યમાં રમખાણો ભડક્યા હતા. કોર્ટે કહ્યું કે અમે કેસની સુનાવણી કરીશું અને અમે પહેલા જ સ્પષ્ટ કરી દીધું છે. કોર્ટે કહ્યું કે આ કેસ ઓછામાં ઓછી પાંચ વખત મુલતવી રાખવામાં આવ્યો છે. આ જ વકીલે જણાવ્યું હતુ કે મૃત્યુદંડની સજાને આજીવન કેદમાં બદલવા સામે ગુજરાત દ્વારા દાખલ કરવામાં આવેલી અપીલની સુનાવણી પહેલા થવી જોઈએ.

# ધોરાજીના પૂર્વ GRD જવાનને દુષ્કર્મ કેસમાં ૨૦ વર્ષની કેદની સજા ફટકારાઈ

**ઘેનની દવા આપી યુવતી પર દુષ્કર્મ આચરનાર પોલીસકર્મીને કોર્ટે આપી કડક સજા**

ધોરાજી,તા.૧૭

ધોરાજીમાં એક ચકચારી ભરેલા કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે પૂર્વ જીઆરડી જવાનને ૨૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે. આરોપી ભરત મગનભાઈ શેખવા, જે ધોરાજી પોલીસ સ્ટેશનમાં જીઆરડી તરીકે ફરજ બજાવતો હતો, તેણે એક યુવતી પર દુષ્કર્મ આચર્યું હોવાનું સાબિત થયું છે.

કેસની વિગતો મુજબ, આરોપીએ પીડિતાને અને તેના પરિવારજનોના ખોરાકમાં ઘેનની દવા ભેળવી, તેનો લાભ લઈ દુષ્કર્મ આચરતો હતો. ૨૯ માર્ચ ૨૦૨૧ના રોજ પીડિતાની માતાએ તત્કાલીન પોલીસ ઈન્સ્પેક્ટર હકુમતસિંહ જાડેજા સમક્ષ ફરિયાદ નોંધાવી હતી. એડિશનલ સેશન્સ અને ડિસ્ટ્રિક્ટ જજ તથા સ્પેશિયલ પોક્સો જજ અલી હુસેન મોહીબુલા શેખે કેસની સુનાવણી દરમિયાન પીડિતા અને તેની માતાની જુબાની, વૈજ્ઞાનિક પુરાવા તેમજ અન્ય સાક્ષીઓની જુબાની ધ્યાનમાં લીધી હતી. સરકારી વકીલ કાર્તિકેય પારેખે રજૂ કરેલી દલીલો અનુસાર, આરોપીએ પોલીસ કર્મચારી તરીકેની પોતાની સત્તાનો દુરુપયોગ કર્યો હતો.

આ તમામ પુરાવાઓને આધારે કોર્ટે આરોપીને ૨૦ વર્ષની કેદની સજા ઉપરાંત દંડ ફટકાર્યો છે.

# હવે તો હદ થઈ : કડીમાં નકલી દારૂ બનાવતી ફેક્ટરી ઝડપાઈ

કડી,તા.૧૭

ગુજરાતમાંથી નકલી પોલીસ, નકલી વકીલનો તો પર્દાફાશ થયો હતો. પરંતુ હવે તો ગુજરાતમાં નકલીની ભરમાર વચ્ચે નકલી દારુ પકડાયો છે. મહેસાણામાંથી મેડ ઈન કડીનો નકલી દારુ ઝડપાયો છે. કડીમાંથી નકલી દારુ બનાવતી ફેક્ટરી ઝડપાઈ છે. કડીના અચરાસણના ખેતરમાં



નકલી દારુ બનાવવાની ફેક્ટરી ચાલતી હતી. ખેતરમાં નાની ઓરડીમાં નકલી દારુ બનાવતા હતા.નાની ઓરડીમાં ૨ ઈસમો ડુપ્લીકેટ વિદેશી દારુ બનાવતા હતા. ડુપ્લીકેટ વિદેશી દારુ ભરેલી બોટલો અને ખાલી બોટલો ઝડપાઈ હતી. જો કે

**બે ઈસમો ડુપ્લીકેટ વિદેશી દારૂ બનાવતા ઝડપાયા**

આલ્કોહોલ અને ૧૦૦ લીટરથી વધુ ડુપ્લીકેટ દારુ ઝડપાયો છે. પોલીસે બાતમીના આધારે ફેકટરીમાં દરોડા પાડ્યા હતા. જ્યાંથી ૨ શખ્સોની ધરપકડ કરી હતી.

# અમદાવાદમાં પોલીસ વાનમાં દારૂ લઈ જતા પોલીસકર્મી- હોમગાર્ડ ઝડપાયા

અમદાવાદ,તા.૧૭

અમદાવાદ શહેરમાં પોલીસકર્મીઓ દ્વારા ગુનાહિત કૃત્યો આચરવાના કિસ્સાઓ સામે આવવાની ઘટનાઓ સતત વધી રહી છે. તાજેતરમાં જ નરોડા પોલીસ સ્ટેશનના એક પીસીઆર વાનમાંથી દારૂ અને રોકડ રકમ મળી આવતાં પોલીસ બેડામાં ખળભળાટ મચી ગયો છે. આ મામલે બે પોલીસકર્મીઓ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, નરોડા પોલીસ સ્ટેશનના પીસીઆર વાનમાંથી દારૂ અને રોકડ રકમ મળી આવવાની



ઘટના બાદ પોલીસે તપાસ હાથ ધરી હતી. તપાસમાં સામે આવ્યું હતુ કે, પીસીઆર વાનના ઈન્ચાર્જ સતીશ ઠાકોર અને તેમની સાથે હાજર હોમગાર્ડ વિક્રમસિંહ રણજીતસિંહ રાજપૂતએ એક રિક્ષામાંથી દારૂની બોટલો મેળવી હતી અને તેને પીસીઆર વાનમાં રાખી હતી.

# કોડીનારની બિલેશ્વર ગૌરક્ષકોની ટીમે પ્રશંસનીય કામગીરી કરી

કોડીનાર, તા.૧૭

કોડીનાર તથા આજુબાજુના વિસ્તારમાં બિલેશ્વર ગૌરક્ષકો ની ટીમ દ્વારા નિરાધાર ગાયોના ઘાસ અને લીલો ચારો આપીને સરસ કામ કર્યું હતું. આ અનેક તહેવારોમાં આ રીતે કામ થાય તે માટે લોકોને માર્ગદર્શન પણ તથા પતંગ ચગાવવા માટે ચાઈનીઝ દોરી નાં વાપરવાની પણ દરેક સ્ટોલ પર જઈને અપીલ કરવામાં આવી હતી આ ટીમ નિરાધાર ગાયોની નિસ્વાર્થ ભાવે સેવા કરે છે.


તસ્વીર : ધર્મેશ પાઠક

# ઉનાની ગાયત્રી સ્કૂલમાં સિંહણનાં આટાફેરાથી વિદ્યાર્થીઓ ભયભીત

ઉના,તા.૧૭

ઉનાની ગાયત્રી સ્કૂલમાં વહેલી સવારે સ્કૂલના ગ્રાઉન્ડમાં આટા ફેરા માર્યા બાદ શાળાની બિલ્ડીગના પગથિયા પણ ચડી અને પહેલી બાજુથી નીચે ઉતરી ગયેલ હતી. વિદ્યાર્થીઓને સ્કૂલે આવવાના સમયે દરમિયાન જ સિંહ આવી ચડતા શાળાના સંચાલક દ્વારા શાળાના ગેટની બહાર જ વિદ્યાર્થીઓને રોકી દીધા હતા અને રજા જાહેર કરી દીધી



હતી તથા વિદ્યાર્થીઓને શાળાએ નહિ આવવા જણાવ્યું હતું. ત્યારબાદ સિંહણ શાળાના ગ્રાઉન્ડમાં આટા ફેરા કર્યા બાદ પાછળના ગેટ પાસેથી નજીકની વાડી વિસ્તારમાં આ સિંહણ ચાલી ગયેલ જેથી શાળામાં શિક્ષકો બાળકો સહિત સંચાલકએ રાહતનો શ્વાસ લીધો હતો.

# કોડીનાર તાલુકા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ-ઉપપ્રમુખની બિનહરીફ વરણી

કોડીનાર,તા.૧૭

કોડીનાર તાલુકા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ અને ઉપપ્રમુખની આજે બિનહરીફ વરણી થઈ છે. સંઘની તાજેતરમાં યોજાયેલ ચૂંટણીમાં ભા.જ.પ પ્રેરિત તમામ ૧૨ ડિરેક્ટરો બિનહરીફ વિજેતા થયા પછી આજે સંઘખાતે મામલતદારના અધ્યક્ષ સ્થાને યોજાયેલ પ્રમુખ, ઉપપ્રમુખની ચૂંટણીમાં ચૂંટાયેલા તમામ ૧૩



ડિરેક્ટરોએ ચૂંટણીની કાર્યવાહી આગળ ધપાવતા પ્રમુખ તરીકે દિલીપસિંહ મોરીના નામની દરખાસ્ત ઉદયસિંહ વંશએ કરી હતી, જેને નવલભાઈ પરમારે ટેકો આપ્યો હતો. જ્યારે ઉપપ્રમુખ તરીકે તરીકે એભાભાઈ રામના નામની દરખાસ્ત જગમાલભાઈ બારડે કરતા તેને લાખાભાઈ ચૌહાણે ટેકો આપ્યો હતો. અંતે પ્રમુખ પદ માટે દિલીપસિંહ મેરૂભાઈ મોરી અને ઉપ-પ્રમુખ પદ માટે એભાભાઈ લાખાભાઈ રામ ને બિનહરીફ ચૂંટાયેલા જાહેર કરાયા હતા. ઉલ્લેખનીય છેકે સંઘમાં સતત ચાર ટર્મથી માજી સાંસદ દિનુભાઈ સોલંકી જૂથ-ભાજપનો દબદબો યથાવત રહ્યો છે.

# ગારિયાધારમાં યોજાયેલી મહેંદી-ચિત્ર સ્પર્ધામાં ધોરણ ૬ થી ૮ના ૯૨૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો

ગારીયાધાર, તા.૧૭

ગારિયાધારની કે .વી. વિદ્યામંદિર, વી.ડી.વાઘાણી વિદ્યાસંકુલ દ્વારા તાલુકા કક્ષાની ચિત્ર સ્પર્ધા અને મહેંદી સ્પર્ધાનું આયોજન કરાયું હતું. આ સ્પર્ધામાં ગારિયાધાર, લીલીયા અને લાઠી તાલુકાની ૪૦ પ્રાથમિક શાળાઓના ધોરણ ૬ થી ૮ ના ૯૨૧ જેટલા વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. મહેંદી સ્પર્ધામાં પ્રથમ ક્રમે


તસવીર : વિનોદ જયપાલ

કંટારીયા વિરાંજલી-કન્યા શાળા, દ્વિતિય ક્રમે ઝાલા ઉર્વીશા- કન્યા શાળા અને તૃતિય ક્રમે હુનાણી આલિયા ડી.ટી.સવાણીને સ્થાન મળ્યું હતું. જ્યારે ચિત્ર સ્પર્ધામાં પ્રથમ ક્રમે ગલાણી કેવટ- કે.વી. વિદ્યામંદિર , દ્વિતિય ક્રમે રાઠોડ ઉદય - વાવપ્લોટ પ્રાથમિક શાળા અને તૃતિય ક્રમે વાઘાણી પ્રિયલ - નાની વાવડી પ્રાથમિક શાળા વિજેતા થયા હતા. આ વિજેતાઓને મહાનુભાવોના હસ્તે અનુક્રમે ૧૫૦૦ /- , ૧૦૦૦/- અને ૫૦૦ના રોકડ પુરસ્કાર અને પ્રમાણપત્ર એનાય થયા હતા. આ અવસરે તમામ વિજેતાઓને મહેમાનો જજ, શિક્ષક ચેતનભાઈ રાવલ તેમજ આ સંસ્થાના મે. ટ્રસ્ટી રમેશભાઈ વાઘાણી, સંચાલક હિમાંશુભાઈ વાઘાણીના હસ્તે પુરસ્કારો અર્પણ કરવામાં આવ્યા હતા.

# અહેમદપુર માંડવી બીચ પર તા. ૨૪-૨૬ જાન્યુઆરી સુધી બીચ ફેસ્ટિવલ યોજાશે

સોમનાથ, તા.૧૭

ગુજરાત પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર ગીર સોમનાથ દ્વારા અહેમદપુર માંડવી બીચને પ્રવાસનના નવાં સ્થળ તરીકે વિકસાવવાના ભાગરૂપે તા.૨૪થી૨૬ ૩ દિવસ બીચ ફેસ્ટિવલ યોજવામાં આવશે. જેમાં લાઈવ કોન્સર્ટ, લેઝર શો, પ્રવાસીઓ માણી શકે તે માટે ફેસ્ટિવલ પૂર્વે જિલ્લા કલેક્ટર દ્વારા સ્થળ નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. સંઘ પ્રદેશ દીવના ઘોઘલાને અડીને આવેલો ગુજરાતના ગીરનો અહેમદપુર માંડવી બીચ દેશ-દુનિયાના પ્રવાસીઓમાં આકર્ષનું કેન્દ્ર બનવા જઈ રહ્યો છે. અહીં ગીર સોમનાથ કલેક્ટરે મુલાકાત કર્યા બાદ બીચને ડેવલપ કરવાનું બીડું ઝડપ્યું છે. જેથી રાજ્યના પ્રવાસન વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આગામી તા.૨૪,૨૫ અને ૨૬ના બીચ



ફેસ્ટીવલ યોજાશે. આ માટે જિલ્લાના તમામ વિભાગોને સાથે રાખી કલેક્ટર દ્વારા સ્થળ નિરીક્ષણ કર્યુ હતું. હાલ પ્રવાસીઓમાં અહેમદપુર માંડવી બીચ સૌથી ઓછી ઓળખ ધરાવે છે, પરંતુ અહીં પ્રવાસન ઉદ્યોગ અને દરિયાઈ પર્યટનને લઈ વિશાળ તકો ઉપલબ્ધ હોવાથી તંત્ર દ્વારા ત્રિદિવસીય ભવ્ય બીચ ફેસ્ટિવલ યોજાવાનો છે. જેમાં ખારવા સમાજ અને તેની સંસ્કૃતિ ઉજાગર થાય તે હેતુથી પ્રથમ વખત બોટમાં સાંસ્કૃતિક ટેબ્લોની પરેડ, સહિત વિવિધ એક્ટિવિટી તથા ફૂડઝોનની મજા પ્રવાસીઓને માણવા માણશે.

# મહારાષ્ટ્રના પુણેમાં ટ્રકે પાછળથી કારને ટક્કર મારતા ૯ લોકોના મોત

(એચ.એસ.એલ),પુણે,તા.૧૭

મહારાષ્ટ્રના પુણે શહેરમાંથી માર્ગ અકસ્માતનો એક હૃદયદ્રાવક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ માર્ગ અકસ્માતમાં કુલ ૯ લોકોના મોત થયા છે.

અત્યાર સુધી મળેલી માહિતી મુજબ, ટ્રકે પાછળથી એક કારને ટક્કર મારી છે. આ કારણે, આ ભયંકર અકસ્માત થયો જેમાં આટલી મોટી સંખ્યામાં લોકો મૃત્યુ પામ્યા. સુત્રોના જણાવ્યા અનુસાર, આ માર્ગ અકસ્માત શુક્રવારે સવારે લગભગ ૧૦ વાગ્યે પુણે-નાશિક હાઈવે પર થયો હતો. નારાયણગાંવ તરફ જઈ રહેલી મિનિવાનને પાછળથી ટક્કર મારી હતી.




ત્યારબાદ મિનિવાન એક બસ સાથે અથડાઈ જેમાં કોઈ મુસાફરી કરી રહ્યું ન હતું. મિનિવાનમાં સવાર તમામ નવ લોકો માર્યા ગયા. ગયા ગુરુવારે પણ પુણેથી અકસ્માતના એક મોટા સમાચાર આવ્યા. અહીં શિકરાપુર ચાકણ હાઈવે પર, એક અનિયંત્રિત ટ્રેલરે ખૂબ જ ઝડપે લગભગ ૧૨ થી ૧૫ વાહનોને ટક્કર મારી. આ અકસ્માતમાં ૫ લોકો ગંભીર રીતે ઘાયલ થયાના અહેવાલ છે. ટ્રેલર અથડાયા બાદ ઘણા વાહનોને પણ નુકસાન થયું હતું.

# મુસ્લિમ મતદારોને આકર્ષવા કોંગ્રેસ પાર્ટીએ સુપ્રીમ કોર્ટમાં પૂજા અધિનિયમ અંગે અરજી દાખલ કરી

નવીદિલ્હી,તા.૧૭

રાજકારણમાં સમય ખૂબ જ મહત્વપૂર્ણ છે અને દિલ્હી વિધાનસભા ચૂંટણી પહેલા, કોંગ્રેસ પાર્ટીએ સુપ્રીમ કોર્ટમાં અરજી દાખલ કરીને એક મોટું પગલું ભર્યું છે. એવું માનવામાં આવે છે કે કોંગ્રેસે દિલ્હીના ૧૩ ટકા મુસ્લિમ મતદારોને આકર્ષવા માટે પૂજા અધિનિયમ અંગે અરજી દાખલ કરી છે. પૂજા અધિનિયમ સંબંધિત અરજીઓ અંગે કોર્ટમાં અપીલ કરવામાં આવી છે. કોંગ્રેસનો પક્ષ પણ સાંભળવો જોઈએ અને અરજીમાં દાવો કરવામાં આવ્યો છે કે જો પૂજા કાયદા સાથે છેડછાડ કરવામાં આવશે, તો તે દેશની એકતા અને અખંડિતતા તેમજ તેના ધર્મનિરપેક્ષ માળખા માટે ખતરનાક બનશે. આ અરજીને લઈને ભાજપ સહિત સાધુ-સંતોએ કોંગ્રેસ પર નિશાન સાધ્યું છે. આવી સ્થિતિમાં, પ્રશ્ન એ છે કે શું કોંગ્રેસના આ પગલાની ચૂંટણી પર કોઈ અસર પડશે? શું કોંગ્રેસે આ અરજી ૧૩% મુસ્લિમ મતદારો માટે દાખલ કરી છે અને સૌથી મોટો પ્રશ્ન એ છે.

# વર્ષ ૨૦૨૪માં ૨૦ હજાર ભારતીય વિદ્યાર્થીઓ કેનેડા પહોંચ્યા પણ કોલેજમાં ન ગયા

(એચ.એસ.એલ),ટોરેન્ટો,તા.૧૭

ડિપાર્ટમેન્ટ ઓફ ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા દ્વારા બહાર પાડવામાં આવેલા માર્ચ અને એપ્રિલ ૨૦૨૪ના ડેટા અનુસાર, લગભગ ૫૦,૦૦૦ આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને "નો-શો" જાહેર કરવામાં આવ્યા હતા, જેમાંથી ૨૦,૦૦૦ ભારતીય વિદ્યાર્થીઓ હતા. આ સંખ્યા કેનેડામાં અભ્યાસ કરવા ગયેલા



કુલ ભારતીય વિદ્યાર્થીઓના ૫.૪ ટકા છે. અહીં "નો-શો" એ એવા વિદ્યાર્થીઓનો ઉલ્લેખ કરે છે કે જેઓ કેનેડિયન કોલેજો અને યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરવા માટે નોંધાયેલા છે પરંતુ શેડ્યૂલ મુજબ વર્ગોમાં હાજરી આપતા નથી. બીજા શબ્દોમાં કહીએ તો, આ વિદ્યાર્થીઓ તેમની અભ્યાસ પરવાનગી મુજબ અભ્યાસ શરૂ કરવા માટે નિયુક્ત સંસ્થાઓ સુધી પહોંચ્યા ન હતા. એકંદરે, ૬.૯ ટકા સ્ટડી પરમિટ ધારકો એવા વિદ્યાર્થીઓ હતા કે જેઓ તેમની સંબંધિત કૉલેજમાં ગયા ન હતા. ડેટા ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ કમ્પ્લાયન્સ સિસ્ટમ હેઠળ એકત્રિત કરવામાં આવ્યો હતો, જેમાં શૈક્ષણિક સંસ્થાઓએ દર વર્ષે બે વાર નોંધણીની જાણ કરવી જરૂરી છે. કેનેડિયન સત્તાવાળાઓએ શૈક્ષણિક સંસ્થાઓને નિયમિત રિપોર્ટિંગ વધારવા અને અભ્યાસ પરમિટ ધારકોની કડક ચકાસણીની જરૂરિયાત દ્વારા આ મુદ્દા પર પ્રતિક્રિયા આપી છે.

# મુંદ્રા બંદર બન્યું દાણચોરીનું 'હબ', ૨ કરોડ રૂપિયાની ૩૫ ટન સોપારી જપ્ત કરાઈ

(એચ.એસ.એલ),ભુજ,તા.૧૭

ગુજરાતના વિવિધ બંદરેથી સોપારીની જુદી જુદી રીતે દાણચોરી અટકવાનું નામ લેતી નથી. ગુજરાતમાં કચ્છમાં મુંદ્રા બંદરે અવારનવાર સોપારીનો મોટા માત્રામાં જથ્થો મળી આવ્યો છે. જેની બજારમાં કિંમત વધુ હોવાથી દાણચોરો સોપારીની દાણચોરી કરી દુબઈથી મુંદ્રા બંદરે લાવ્યા હોવાના ખુલાસા થયા છે. સોપારી મુંદ્રાથી દિલ્હીના તુઘલકાબાદ ખાતે પહોંચાડ્યા પહેલા જામનગર ડીઆરઆઈ દાણચોરો પર



ત્રાટકી હતી. ડીઆરઆઈએ વધુ એક વખત ૨ કરોડ રૂપિયાની ૩૫ ટન સોપારી જપ્ત કરી છે. મળતી માહિતી અનુસાર, દુબઈથી મુંદ્રા બંદર પર પહોંચેલા ત્રણ કન્ટેનર કસ્ટમ વિભાગની જાણ વગર દિલ્હી સ્થિત એક કંપનીને મોકલવામાં આવ્યા હતા. જામનગર ડીઆરઆઈ ટીમને દાણચોરીના માહિતી મળી હતી અને તેમણે તુઘલકાબાદ નજીક આ કન્ટેનરોને ચેકિંગ માટે રોક્યા હતા. તપાસ દરમિયાન, કન્ટેનરમાંથી પ્રતિબંધિત સોપારીનો જથ્થો મળી આવ્યો હતો.

# સૈફ અલી ખાનના કેસમાં એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ : આરોપી અગાઉ પણ અનેક કેસમાં સંડોવાયેલ

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૭

સૈફ અલી ખાન પર થયેલા હુમલા અંગે એક પછી એક અપડેટ્સ બહાર આવી રહ્યા છે. પોલીસે સૈફ અલી ખાનના કેસમાં એક શંકાસ્પદ વ્યક્તિની ધરપકડ કરી છે. પોલીસ તેની સતત પૂછપરછ કરી રહી છે. પૂછપરછ દરમિયાન ઘણી બાબતોનો ખુલાસો થયો છે. ૧૬ જાન્યુઆરીના રોજ એક વ્યક્તિ



સૈફના ઘરમાં ઘૂસી ગયો અને તેના પર છરીથી હુમલો કર્યો. આ મામલે નવી માહિતી સામે આવી છે. મુંબઈ પોલીસ હાલમાં જે વ્યક્તિની પૂછપરછ કરી રહી છે તેનું નામ શાહિદ છે. પોલીસે તેને ગિરગાંવના ફોકલેન્ડ રોડ પરથી અટકાયતમાં લીધો છે. શાહિદ, જેને કસ્ટડીમાં લેવામાં આવ્યો છે, તેની સામે પહેલાથી જ ઘર તોડવાના ૪-૫ કેસ નોંધાયેલા છે. જોકે, હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે આ એ જ વ્યક્તિ છે જેણે સૈફ અલી ખાન પર હુમલો કર્યો હતો. જો અહેવાલો પર વિશ્વાસ કરવામાં આવે તો, શાહિદે શાહરૂખ ખાનના ઘરની રેકી પણ કરી હતી.

# ભ્રષ્ટાચારના કેસમાં ઈમરાન ખાનને ૧૪ વર્ષની અને તેમની પત્ની બુશરા બીબીને ૭ વર્ષની જેલની સજા

ઈસ્લામાબાદ, તા.૧૭

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન ઈમરાન ખાનની મુશ્કેલીઓ ફરી વધી ગઈ છે. પાકિસ્તાનની એક કોર્ટે ભ્રષ્ટાચારના કેસમાં ઈમરાન ખાનને ૧૪ વર્ષની જેલની સજા ફટકારી છે. સ્થાનિક પ્રસારણકર્તા એઆરવાય ન્યૂઝે અહેવાલ આપ્યો છે કે પાકિસ્તાનની એક કોર્ટે શુક્રવારે ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનને ૧૪ વર્ષની જેલની સજા ફટકારી છે અને તેમની પત્ની બુશરા બીબીને જમીન ભ્રષ્ટાચાર સંબંધિત કેસમાં સાત વર્ષની જેલની સજા ફટકારી છે. પાકિસ્તાનની એક કોર્ટે શુક્રવારે ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાન અને તેમની પત્ની બુશરા બીબીને ૧૯ કરોડ પાઉન્ડના અલ-કાદિર ટ્રસ્ટ કેસમાં ભ્રષ્ટાચારના દોષી ઠેરવ્યા અને તેમને અનુક્રમે ૧૪ અને સાત વર્ષની જેલની સજા ફટકારી, એમ એપીના અહેવાલમાં જણાવાયું છે. ભ્રષ્ટાચાર વિરોધી કોર્ટના ન્યાયાધીશ નાસિર જાવેદ રાણાએ છેલ્લે ૧૩ જાન્યુઆરીએ ચુકાદો જાહેર કર્યો હતો, જે વિવિધ કારણોસર ત્રણ વખત મુલતવી રાખવામાં આવ્યો હતો.

# દિલ્હીમાં હાલ આયુષ્માન ભારત આરોગ્ય યોજના લાગુ નહીં થાય, સુપ્રીમ કોર્ટે સ્ટે આપ્યો

નવીદિલ્હી,તા.૧૭

સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં પીએમ આયુષ્માન ભારત હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચર મિશન યોજનાના અમલીકરણ પર હાલ પૂરતો પ્રતિબંધ લગાવી દીધો છે. હકીકતમાં, દિલ્હી હાઈકોર્ટે તેના એક આદેશમાં કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય અને દિલ્હી સરકાર વચ્ચે એક કરાર કરવાનો નિર્દેશ આપ્યો હતો. આ કરાર હેઠળ, પ્રધાનમંત્રી આયુષ્માન ભારત



આરોગ્ય માળખાગત મિશન રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં લાગુ કરવાનું હતું. જોકે, હવે સુપ્રીમ કોર્ટે દિલ્હી હાઈકોર્ટના નિર્ણય પર રોક લગાવી દીધી છે. જસ્ટિસ બીઆર ગવઈ અને એજી મસીહની બેન્ચે હાઈકોર્ટના આદેશ પર સ્ટે આપ્યો હતો. દિલ્હી હાઈકોર્ટના આદેશને દિલ્હી સરકારે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો હતો. હવે સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને નોટિસ જારી કરીને જવાબ માંગ્યો છે. દિલ્હી સરકાર વતી સુપ્રીમ કોર્ટમાં વરિષ્ઠ વકીલ અભિષેક મનુ સિંઘવી હાજર રહ્યા.

# વ્હાઈટ હાઉસ પર હુમલો કરવાના દોષિત ભારતીય મૂળના યુવકને આઠ વર્ષની જેલની સજા

વોશિંગ્ટન,તા.૧૭

અમેરિકામાં વ્હાઈટ હાઉસ પર હુમલો કરવાનો પ્રયાસ કરનાર ભારતીય મૂળના યુવક સાઈ વર્ષીથ કંદુલાને આઠ વર્ષની જેલની સજા ફટકારવામાં આવી છે. અમેરિકન કોર્ટે કહ્યું કે આ હુમલા પાછળ યુવકનો ઉદ્દેશ્ય અમેરિકન સરકારને ઉથલાવીને નાઝી વિચારધારાથી પ્રેરિત સરમુખત્યારશાહી સ્થાપિત



કરવાનો હતો. ન્યાયાધીશ ડેબ્ની એલ. ફ્રેડરિકે યુવાનને જેલની સજા તેમજ ત્રણ વર્ષની દેખરેખ હેઠળ મુક્તિની સજા ફટકારી.

કોર્ટના દસ્તાવેજો અનુસાર, દોષિત યુવક સાઈ વર્ષીથ કંદુલા (૨૦) મિઝોરીના સેન્ટ લુઈસ વિસ્તારનો રહેવાસી છે.

# રાજ્યમાં પવનની દિશા બદલાઈ, ડાંગમાં ભરશિયાળે વરસાદ ખાબક્યો

અમદાવાદ,તા.૧૭

ગુજરાત પર ઉત્તર તથા ઉત્તર પૂર્વ દિશા તરફથી પવન ફૂંકાઈ રહ્યો છે. ત્યારે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સનાં કારણે પવનની દિશા બદલાઈ શકે છે. તેમજ ઠંડીનું જોર ઘટી શકે છે. તેમજ આગામી સાત દિવસ વાતાવરણ શુષ્ક રહેવાની શક્યાતાઓ છે. છેલ્લા ત્રણ દિવાસથી તાપમાનમાં એક ડિગ્રી જેટલો વધારો નોંધાવા પામ્યો છે. તેમજ ઠંડા પવનોનાં કારણે લોકોને ઠંડીનો અનુભવ થઈ રહ્યા છે. તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોલ્ડવેવનાં કારણે જનજીવન પ્રભાવિત થવા પામ્યું છે. દરમિયાન ડાંગ જિલ્લામાં ભરશિયાળે વાતાવરણમાં પલટો આવ્યો છે. હાલ કાતિલ ઠંડા પવનોની વચ્ચે અનેક ગામડાઓમાં વરસાદ વરસ્યો છે. ડાંગ જિલ્લામાં અચાનક વાતાવરણમાં પલટો આવતા સાપુતારા સહિત જોવાલાયક સ્થળોએ રમણીય દૃશ્યો સર્જાઈ રહ્યા છે. અનેક વિસ્તારોમાં વાદળછાયું વાતાવરણ સર્જાતા ખેડૂતોમાં ચિંતા છવાઈ છે.હાલમાં શિયાળાની ઋતુમાં છેલ્લા ત્રણ - ચાર દિવસથી વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું હતું. આજે વહેલી સવારે અનેક વિસ્તારોમાં વરસાદી ઝાપટાં પડી રહ્યા છે. આ કમોસમી વરસાદને કારણે ખેડૂતોનાં શિયાળુ ઉભા પાક સહિત ફળફળાદી તથા શાકભાજી જેવા પાકોને જંગી નુકસાનની ભીતિ છે.

# રાહુલ ગાંધીએ અડધી રાત્રે અચાનક એઈમ્સની બહાર પહોંચી દર્દીઓ અને પરિવારના સભ્યોની ખબર અંતર પૂછ્યા



(એચ.એસ.એલ),નવીદિલ્હી,તા.૧૭

કોંગ્રેસના સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી ગુરુવારે મોડી રાત્રે દિલ્હીની એમ્સ હોસ્પિટલની બહાર પહોંચ્યા હતા. તે હોસ્પિટલની આસપાસની શેરીઓ, ફૂટપાથ અને સબવે પર પડાવ નાખતા ઘણા દર્દીઓ અને તેમના પરિવારોને મળ્યા હતા. રાહુલે કેન્દ્ર અને દિલ્હી સરકાર પર તેમના પ્રત્યે અસંવેદનશીલતા દર્શાવવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે લોકોની સમસ્યાઓ અને ફરિયાદો અંગે માહિતી લીધી હતી. ગાંધીએ ઈન્સ્ટાગ્રામ પર લખ્યું, 'રોગનો બોજ, કડકડતી ઠંડી અને સરકારની અસંવેદનશીલતા. આજે હું એઈમ્સની બહાર એવા દર્દીઓ અને તેમના પરિવારોને મળ્યો, જેઓ સારવારની આશામાં દૂર દૂરથી આવ્યા છે.

# ડી ગુકેશ અને મનુ ભાકરને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ અર્પણ

નવીદિલ્હી,તા.૧૭

રાષ્ટ્રપતિ ભવન ખાતે રાષ્ટ્રીય રમતગમત પુરસ્કાર સમારોહ યોજાયો હતો, જ્યાં વિશ્વના કેટલાક અગ્રણી ખેલાડીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ બે ઓલિમ્પિક મેડલ વિજેતા શૂટર મનુ ભાકર અને ચેસ વર્લ્ડ ચેમ્પિયન ડી ગુકેશને મેજર ધ્યાનચંદ ખેલ રત્ન એવોર્ડ અર્પણ કર્યો. આ



બંને ખેલાડીઓને તાળીઓના ગડગડાટ વચ્ચે આ સન્માન આપવામાં આવ્યું હતું, જે તેમની મહેનતને પ્રતિબિંબિત કરે છે. મનુ ભાકરે ઓલિમ્પિકમાં દેશનું નામ રોશન કર્યું છે, જ્યારે ડી ગુકેશે તાજેતરમાં ચેસ ચેમ્પિયનશિપનો ખિતાબ જીત્યો છે. આ વખતે ૩૨ ખેલાડીઓને અર્જુન એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો, જેમાંથી ૧૭ પેરા એથ્લેટ્સ હતા. અર્જુન પુરસ્કાર વિજેતાઓમાં પેરિસ ઓલિમ્પિક્સ બ્રોન્ઝ મેડલ વિજેતા કુસ્તીબાજ અમન સેહરાવત, શૂટર્સ સ્વપ્નિલ કુસાલે, સરબજોત સિંહ અને પુરુષ હોકી ટીમના સભ્યો જર્મનપ્રીત સિંહ, સુખજીત સિંહ, સંજય અને અભિષેકનો સમાવેશ થાય છે. આ ખેલાડીઓએ પોતાની મહેનત, સમર્પણ અને સંઘર્ષથી દેશને ગૌરવ અપાવ્યું છે.

# ટી-૨૦ ક્રિકેટમાં ૯૦૦ છગ્ગા ફટકારનાર પોલાર્ડ વિશ્વનો બીજો બેટ્સમેન બન્યો

(એચ.એસ.એલ),મુંબઈ,તા.૧૭

વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ ખેલાડી કિરોન પોલાર્ડે પોતાના નામે એક મોટો રેકોર્ડ નોંધાવ્યો છે. પોલાર્ડે પોતાના નામે એક મોટી સિદ્ધિ મેળવી છે. તે આવું કરનાર વિશ્વનો બીજો બેટ્સમેન બન્યો. આઈએલટી ૨૦ નું આયોજન કરવામાં આવી રહ્યું છે. જ્યાં કિરોન પોલાર્ડ એમઆઈ અમીરાત ટીમ તરફથી રમી રહ્યો છે. પોલાર્ડે એમઆઈ એમિરેટ્સ અને ડેઝર્ટ વાઈપર્સ વચ્ચે રમાયેલી મેચ દરમિયાન એક નવો રેકોર્ડ બનાવ્યો છે. પોલાર્ડે આ મેચમાં ૨૩ બોલમાં



૩૬ રનની ઈનિંગ રમી હતી. તેણે પોતાની ઈનિંગ દરમિયાન બે ચોગ્ગા અને ત્રણ છગ્ગા ફટકાર્યા. આ સાથે, તેણે ટી ૨૦ ક્રિકેટમાં પોતાના ૯૦૦ છગ્ગા પણ પૂરા કર્યા છે. તે ટી૨૦ ક્રિકેટમાં ૯૦૦ છગ્ગા ફટકારનાર બીજો બેટ્સમેન બન્યો.

ગુજરાત સરકાર

# ગુજરાત
## જ્યાં વિચારો વૈશ્વિક સફળતામાં પરિણમે છે






### 01 ઈકોસિસ્ટમ
- અવિરત વીજળી, ગૅસ અને પાણી પુરવઠો
- 200+ દેશો માટેનું પ્રવેશદ્વાર
- 230થી વધુ ઔદ્યોગિક વસાહતો અને 3 કાર્યરત SIRs
- 49 બંદરો, 4 આંતરરાષ્ટ્રીય સાથે 19 એરપોર્ટ્સ

### 02 પ્રૉએક્ટિવ ગવર્નમેન્ટ
- 200+ મલ્ટિ-ડિપાર્ટમેન્ટલ મંજૂરી માટે સિંગલ વિન્ડો
- રોકાણકારોની સુવિધા માટે સમર્પિત સંસ્થા
- MSMEsને મંજૂરી માટે 3 વર્ષની મુક્તિ

### 03 ક્ષેત્રીય આગેવાની
- કેમિકલ, ફાર્મા, ટેક્સટાઇલ્સ, સિરામિક્સ અને ઓટોમોટિવ જેવાં ક્ષેત્રોમાં રાષ્ટ્રીય સ્તરે અગ્રણી
- સેમિકન્ડક્ટર, ઇવી અને ફિનટૅક જેવાં ઉભરતાં ક્ષેત્રો માટે વ્યૂહાત્મક ફ્રેમવર્ક
- કુશળ માનવબળની ઉપલબ્ધતા

### 04 નીતિ આધારિત અભિગમ
- 20થી વધુ ક્ષેત્ર માટે વિશિષ્ટ નીતિઓ

### 05 ફ્યૂચરિસ્ટિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર
- DREAM City, Dholera SIR, MBSIR અને PCPIR જેવાં મેગા પ્રૉજેક્ટ્સ સાથે અગ્રણી
- ભારતની પ્રથમ હાઇસ્પીડ રેલ પ્રૉજેક્ટ કાર્યરત
- GIFT City: વૈશ્વિક નાણાકીય સેવા માટે ભારતનું પ્રથમ સ્માર્ટ સિટી

### 06 સસ્ટેનેબિલિટી
- વિશ્વનું ગ્રીન હાઇડ્રોજન કેપિટલ બનવા માટે સજ્જ
- પુનઃપ્રાપ્ય ઊર્જા સ્થાપિત ક્ષમતામાં અગ્રેસર રાજ્ય
- પુનઃપ્રાપ્ય ઊર્જા પ્રૉજેક્ટ્સ માટે માન્ય NA જમીન

### 07 ઇઝ ઑફ લિવિંગ
- ઇઝ ઑફ લિવિંગની યાદીના ટોપ-10માં 4 શહેરો સાથે સૌથી સુરક્ષિત રાજ્યોમાં એક
- વૈશ્વિક સ્તરની આરોગ્ય સુવિધાઓ
- વૈશ્વિક સ્તરની સ્પોર્ટ્સ તથા મનોરંજક સુવિધાઓ
- વ્યાપક અને ઉત્તમ રીતે રીતે જોડાયેલ જાહેર પરિવહનની સુવિધા

**ગુજરાતની અસીમિત સંભાવનાઓમાં સમગ્ર વિશ્વ કરી રહ્યું છે રોકાણ**